પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૮૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૩૦-૦૩-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કેન્દ્રની નીતિઓના વિરોધમાં ટ્રેડ યુનિયનોની બે દિવસીય હડતાળની દેશભરમાં અસર જોવા મળી

નવીદિલ્હી,

શ્રમ કાયદાઓમાં ફેરફાર અને કેન્દ્રને ખાનગીકરણના નિર્ણયના વિરોધમાં ટ્રેડ યુનિયનોની બે દિવસીય દેશવ્યાપી હડતાળ (ભારત બંધ)ની આજે બીજા દિવસે પણ અસર જોવા મળી હતી આ દરમિયાન બેક્કો અને અનેક ઔદ્યોગિક ક્ષેત્રોમાં તેની ખાસ્સી અસર જોવા મળી હતી ટ્રેડ યુનિયનોએ સરકારની નીતિઓ સામે દેશભરમાં દેખાવો-રેલી યોજી પોતાનો રોષ પ્રગટ કર્યો હતો. ૨૦ કરોડથી વધુ શ્રમિકો આજે બીજા દિવસે કામકાજથી દૂર રહ્યા હતાં. બેક્ક, વીમા, પોસ્ટલ સેવા ઠપ્પ થઈ હતી.કોલસા, સ્ટીલ, તેલ, ટેલિકોમ્યુનિકેશન, પોસ્ટલ, આવકવેરા, તાંબુ, બેક્કો અને વીમા સહિતના ક્ષેત્રોમાં ટ્રેડ યુનિયનો દ્વારા હડતાળનું એલાન કરવામાં આવ્યું છે.ઉલ્લેખનીય છે કે સૌથી વધુ અસર પશ્ચિમ બંગાળ એ કોલકાતાના જાદવપુર રેલવે સ્ટેશન પર મોટી સંખ્યામાં એકત્રિત થઈ રેલવે ટ્રેકને બ્લોક કરી દીધો હતો.

બીજી તરફ આંધ્ર પ્રદેશના વિજયવાડામાં વિભિન્ન ટ્રેડ યુનિયનો



અને ડાબેરી સંગઠનોના સભ્યોએ પીએસયુ બેક્કોના ખાનગીકરણને લઈને રસ્તા જામ કર્યા હતાં. ચેન્નાઈમાં ટ્રેડ યુનિયનોએ આજે રાષ્ટ્રવ્યાપી હડતાળને પગલે રસ્તાઓ જામ કરી દીધા. તેને ધ્યાનમાં રાખતા

### બેક્કિંગ-રોડવેઝ-વીમા-પોસ્ટ-નાણાંક્ષેત્રના કર્મચારીઓ જોડાયા

વિરોધ પ્રદર્શન કરી રહેલા પ્રદર્શનકારીઓએ પોલીસને જબરદસ્તી બસોમાં બેસાડીને અટકાયતમાં લઈ લીધા. ભારત બંધની અસર દેશની સંસદની બહાર પણ જોવા મળ્યા. આજે સંસદની કાર્યવાહી વચ્ચે ડાબેરી અને દ્રમુક સાંસદોએ બે દિવસીય ભારત બંધને પોતાનું સમર્થન આપ્યું અને ગાંધી પ્રતિમા પર વિરોધ પ્રદર્શન કર્યુ. બે દિવસીય ભારત બંધની અસર આજે દિલ્હીની બેક્કોમાં પણ જોવા મળી. બેક્કોએ પોતાના કાર્યાલયોની બહાર બંધના સમર્થનમાં પોસ્ટર લગાવી રાખ્યા છે જેને પગલે માત્ર ઓનલાઈન કામ થઈ રહ્યું છે. તદુપરાંત આસામ, યુપી, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર સહિત દેશભરમાં પણ કોઈક ઠેકાણે વ્યાપક તો કોઈ ઠેકાણે આંશિક અસર જોવા મળી હતી.

ભારત બંધને અખિલ ભારતીય અસંગઠિત કામગાર અને કર્મચારી કોંગ્રેસ તરફથી સમર્થન મળ્યુ છે. કોંગ્રેસ તરફથી કહેવામાં આવ્યુ છે કે રાહુલ ગાંધી બંધમાં શામેલ વર્ગોની માંગોના પક્ષમાં પોતાની વાત રાખતા રહ્યા છે. ઘણા રાજ્યોમાં આ હડતાળની ખાસ્સી અસર જોવા મળી રહી છે. ઈમરજન્સી સેવાઓને હડતાળમાંથી બહાર રાખવામાં આવી છે અને કેરળ ઉચ્ચ ન્યાયાલયે ભારત પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડની પાંચ યુનિયનોને હડતાળમાં ભાગ લેવાથી રોકી છે.

ભારત બંધના કારણે કેરળ રાજ્ય માર્ગ પરિવહન નિગમએ પોતાની સેવાઓ રોકી દીધી છે. જેના કારણે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા. માત્ર અમુક ખાનગી વાહનો જોઈ શકાયા. લોકોને મુશ્કેલી ના થાય એ માટે રેલવે સ્ટેશનો, હોસ્પિટલો વગેરે જેવા સ્થાનો સુધી પહોંચવામાં મદદ કરવા માટે પોલિસે એક યાત્રા સુવિધાની વ્યવસ્થા કરી છે. પશ્ચિમ બંગાળમાં ટ્રેડ યુનિયનોએ રસ્તા પર વિરોધ કર્યો પરંતુ રાજ્ય સરકારે બધા કાર્યાલયોને ખુલ્લા રહેવા અને કર્મચારીઓને ફરજ પર આવવા માટે કહ્યુ છે.

## ૩ વર્ષમાં ૧૦ હજાર બાળક ગુમ થયાં, ૨૦૨૦માં ગુજરાતમાં કુલ ૭૬૭૩ મહિલા ગુમ થઈ હતી

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભામાં રાજ્ય સરકારે ગુમ થયેલાં બાળકોની માહિતી આપી હતી. કોંગ્રેસના ધારાસભ્યોના સવાલના લેખિતમાં વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ સુધીના આ આંકડા રાજ્ય સરકારે આપ્યા છે. રાજ્યમાં રોજ ૯ બાળક ગુમ થાય છે, ૩ વર્ષમાં ૧૦ હજાર બાળક ગુમ થયાં, એક વર્ષમાં સૌથી વધુ સુરતમાં ૬૨૯ બાળક ગુમ થયાં છે. રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૦ હજાર ૯૨ બાળકો ગુમ થયાં હતાં, જે પૈકી ૯૦૮૫ બાળક પરત મળી આવ્યાં હતાં. હજી ૧૦૦૭ બાળકનો આજદિન સુધી કોઈ જ પત્તો નથી. સરકારનું કહેવું છે કે બાળકોને શોધવા માટે અલગ અલગ ટીમો બનાવીને તપાસ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૧માં સુરત શહેરમાં ૬૨૯, અમદાવાદ શહેરમાં ૩૩૮ અને ત્યાર બાદ ગાંધીનગરમાં ૧૪૨ બાળક ગુમ થયાં હતાં. આ જ અરસામાં સુરતમાંથી ૫૦૬, અમદાવાદ શહેરમાં ૨૯૩ અને ગાંધીનગરમાં ૧૧૭ બાળક પરત મળ્યાં હતાં. વડોદરા શહેરમાં ૧૦૪, મહેસાણા જિલ્લામાં ૧૨૩, બનાસકાંઠામાં ૧૦૪, ખેડા જિલ્લામાં ૧૨૧, દાહોદ જિલ્લામાં ૧૩૨, ભરૂચ જિલ્લામાં ૧૩૧ બાળકો ગુમ થયાં હતાં.

સરકારનું કહેવું છે કે બાળકોને શોધવા માટે અલગ અલગ ટીમો બનાવીને તપાસ કરવામાં આવે છે. ચિલ્ડ્રર્ન હોમમાં નિયમિત તપાસ કરાય છે. મિસિંગ સેલ અને સીઆઈડી ક્રાઈમ દ્વારા પણ ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે. બાળકોને શોધી કાઢવા માટે અવારનવાર ઉપરી અધિકારી દ્વારા આદેશો કરવામાં આવે છે. આમ, તંત્ર દ્વારા ગુમ થયેલાં બાળકો પરત મળી આવે એ માટે પૂરતા પ્રયાસો કરવામાં આવતાં હોવાનું કહેવાય છે. મોટા ભાગના કિસ્સામાં બાળકો પરત મળી આવતાં હોય છે.

વિધાનસભામાં ગૃહ વિભાગે માહિતી રજૂ કરી છે કે વર્ષ ૨૦૨૦માં ગુજરાતમાં કુલ મળીને ૭૬૭૩ મહિલા કોઈ ને કોઈ કારણોસર ગુમ થઈ હતી, જેમાંથી ૬૫૨૮ મહિલા પરત આવી હતી. રાજ્યમાંથી ૧૧૪૫ મહિલા ગાયબ છે. એક જ વર્ષમાં અમદાવાદમાં ૧૮૭૦ મહિલા ગુમ થઈ હતી, જેમાંથી ૯૭૪ મહિલાનો પરત મળી આવી હતી. આ જ પ્રમાણે, સુરતમાં ૧૨૧૬૬ મહિલા ગુમ થઈ, જેમાંથી ૯૮૮નો પત્તો મળ્યો હતો. વડોદરામાં ૩૨૭ મહિલા ગુમ થઈ, જેમાંથી ૨૯૧ મહિલા મળી આવી હતી. મહેસાણામાં ૨૯૬ મહિલાઓ ગૂમ થઈ તે પૈકી ૨૭૨ મહિલાઓનો શોધવામાં આવી છે.

## UP વિધાનસભામાં પક્ષ અને વિરોધ પક્ષ વિધાનસભા અધ્યક્ષની ચુંટણીમાં એક સાથે ઉભા રહ્યાં





લખનૌ,

ઉત્તરપ્રદેશ વિધાનસભામાં આજે પક્ષ અને વિરોધ પક્ષ વિધાનસભા અધ્યક્ષની ચુંટણીમાં સાથે ઉભેલા નજરે આવ્યા અને સતીશ મહાનાને સર્વસમ્મતિથી ચુંટણી કરવામાં આવી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તેને લઈ પક્ષ અને વિપક્ષના સભ્યોનો આભાર માન્યો અને તેને લોકતંત્રની મર્યાદાને મજબુત કરનાર પગલું વધાર્યુ.મુખ્યમંત્રીએ વિધાનસભા ચુંટણીમાં આવેલ કડવાહટને લઈ કહ્યુ કે હાલ વધુ દિવસો વિત્યા નથી જયારે બંન્ને પક્ષ એક બીજા પર મિસાઈલો દાગી રહ્યાં હતાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિધાનસભા અધ્યક્ષને સર્વસમ્મતિથી ચુંટણી માટે સત્તા પક્ષની સાથે વિપક્ષના તમામ સભ્યો અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અખિલેશ યાદવનો આભાર માન્યો હતો.

મુખ્યમંત્રીએ કહ્યું કે આપણુ શાસ્ત્ર પ્રેરણા આપી છે કે જયારે પણ મહાન બનવાની કોઈ તક મળે તો આપણે આ અવસરથી વંચિત રહેવું જોઈએ નહીં.તમારા નામથી તો મહાના જ જોડાયેલ છે.સ્વભાવિક રીતે લોકતંત્રના આ ગૌરવ પૂર્વ આસન પર વિરાજમાન થવું કોઈ પણ સભ્ય માટે આ ફકત અભિનંદનીય છે એટલું જ નહીં ગૌરવપૂર્ણ પણ છે.

યોગીએ કહ્યું કે આ પીઠ પર એક અનુભવી સભ્યની પસંદગી બધાની મંજુરીથી થાય તે સુખદ અનુભૂતિ કરાવે છે ખાસ કરીને ત્યારે જયારે પ્રદેશ વિધાનસભામાં માર્ચના પ્રથમ અઠવાડીયામાં બંન્ને તરફથી આરોપ પ્રત્યારોપ ચાલી રહ્યાં હતાં અને તે સમયે દરેક વ્યક્તિ એક બીજા હુમલાથી બચવા માટે પોત પોતાના સ્તર પર પ્રયાસ કરી રહ્યાં હતાં પરંતુ આ ભારતમાં જ સંભવ જ થઈ શકે છે અને ભારતમાં પણ યુપીમાં જ કે રાજનીતિક મતભેદ ગમે તેટલા જ કેમ ના હોય પરંતુ લોકતંત્રને પુષ્ટ કરવા માટે સર્વાનુમતિનો રસ્તો અપનાવવા અને લોકતંત્રની મર્યાદાને બનાવી રાખવા માટે આપણે મળી અભિયાનને આગળ વધારીશું

મુખ્યમંત્રી યોગીએ પક્ષ અને વિપક્ષને લોકતંત્રના બે પૈડા બતાવતા કહ્યુ કે બંન્ને મળી યુપીની ૨૫ કરોડની જનતાના સર્વાંગીય વિકાસના કાર્યોને પણ એક નવી ઉચાઈ સુધી પહોંચાડી નવા ભારતનું નવું ઉત્તર પ્રદેશ બનાવી શકીએ છીએ.મુખ્યમંત્રી યોગીએ કહ્યુ કે ધારાસભ્યોના સોગંદગ્રહણ પણ ખુબ સકારાત્મક રીતે થયો છે તેમણે કહ્યું કે ચુંટણી સમાપ્ત થઈ ચુકી છે.હવે ૨૫ કરોડ જનતાના હિતની બાબતમાં વિચારવાનું છે અને કામ કરવાનો સમય છે.

યોગીએ કહ્યું કે આપણે માર્ચ પહેલાના અઠવાડીયા સુધી ચુંટણી પ્રચારમાં જોયુ કે એક બીજા પર આરોપ પ્રત્યારોપ આક્ષેપ અને નિવેદનબાજીનો જે દૌર ચાલ્યો છે દરેક પક્ષ પોતાના હિસાબથી કરતા હતાં પરંતુ એક વસ્તુ છે જે આપણે જનતા અને યુપીમાં જોયુ છે કે જનતા કયારેય નકારાત્મકતાને સ્વીકાર કરશે નહીં નકારાત્મક માટે તેમના હ્દયમાં સ્થાન નથી જે સકારાત્મક હશે જે પ્રગતિશીલ હશે જે લોકકલ્યાણનું કારક હશે જનતા તેને જ અંગીકાર કરે છે જે નકારાત્મક હશે આપણા સમાજ આપણા દેશે કયારેય નકારાત્મકતાને કોઈ મહત્વ આપ્યું નથી નકારાત્મકતા જીવનમાં કયારેય પ્રગતિ કરતી શકતી નથી સકારાત્મકતાથી જ નહીં આપણે પ્રગતિના માર્ગને આગળ વધારી શકીએ છીએ પરંતુ લોક કલ્યાણનો માર્ગ પણ પ્રશસ્ત કરી શકીએ છીએ

## પેટ્રોલ-ડીઝલના ભાવમાં ફરીથી આગ ઝરતો વધારો




નવીદિલ્હી,

મોંઘવારીનો માર ઝેલી રહેલી જનતાને હાલ રાહત મળવાની આશા ઓછી છે. સોમવારે ફરી એકવાર પેટ્રોલ ડીઝલના ભાવમાં વધારાની જાહેરાત કરાઈ. આજથી પેટ્રોલ ૮૦ પૈસા અને ડીઝલ ૭૦ પૈસા પ્રતિ લીટર મોંઘુ થયું છે. નવા ભાવ આજે સવારે ૬ વાગ્યાથી લાગૂ થઈ ગયા છે.

નવા ભાવ મુજબ જો રાજધાની દિલ્હીની વાત કરીએ તો મંગળવારે અહીં પેટ્રોલના ભાવ ૧૦૦.૨૧ રૂપિયા પ્રતિ લીટર થયું. જ્યારે ડીઝલનો ભાવ ૯૧.૪૭ રૂપિયા પ્રતિ લીટર થયો. આઠ દિવસમાં આ સાતમીવાર ભાવવધારો થયો છે. આ સાથે અત્યાર સુધીમાં પેટ્રોલના ભાવ લગભગ ૪.૯૦ રૂપિયા વધી ચૂક્યા છે. ગુજરાતમાં પણ પેટ્રોલના ભાવ ૧૦૦ રૂપિયા નજીક પહોંચ્યો છે. રવિવારે પણ પેટ્રોલ ડીઝલના ભાવમાં વધારાની જાહેરાત થઈ હતી. ત્યારબાદ નવા ભાવ સોમવારથી લાગૂ થયા હતા. ગત ૨૨ માર્ચથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારાનો દોર ચાલુ થયો છે. અત્યાર સુધીમાં ૪.૯૦ રૂપિયા ભાવ વધારો થઈ ચૂક્યો છે.

કેન્દ્ર સરકારે રશિયા-યુક્રેન વચ્ચે છેડાયેલી જંગને આ ભાવવધારાનું કારણ ગણાવ્યું હતું. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલા વધારાના કારણે સતત ઓઈલના ભાવમાં વધારો થઈ રહ્યો છે.

ઓઈલના વધતા ભાવ મુદ્દે વિપક્ષ સતત સરકારને ઘેરવાની કોશિશ કરી રહ્યો છે. રાજ્યસભામાં સોમવારે કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષી દળોએ પેટ્રોલના વધતા ભાવના કારણે આકાશે આંબતી મોંઘવારી મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી. વિપક્ષનો દાવો છે કે આજે દેશમાં જ નહીં પરંતુ દરેક ઘરમાં મોંઘવારીના કારણે બજેટ ખોરવાયેલું છે.

## ધ કાશ્મીર ફાઈલ્સ જોવા પહોંચ્યા બિહારના ધારાસભ્યો, કોંગ્રેસે કહ્યું ગોધરા ઉપર પણ ફિલ્મ બનવી જોઈએ



પટણા,

ધારાસભ્યોએ પટનાના મોના સિનેમામાં કાશ્મીરી પંડિતો પર બનેલી ફિલ્મ 'ધ કાશ્મીર ફાઈલ્સહ્ર જોઈ. શાસક પક્ષના મોટાભાગના ધારાસભ્યોએ ફિલ્મ જોઈ હતી. પરંતુ વિરોધ પક્ષમાંથી માત્ર એક-બે ધારાસભ્યો જ ફિલ્મ જોવા આવ્યા હતા. વિપક્ષના આ ધારાસભ્યોએ ફિલ્મની પ્રશંસા કરી હતી. આ સાથે તેમણે ગુજરાતની ગોધરા ઘટના પર 'ધ કાશ્મીર ફાઈલ્સ' જેવી ફિલ્મ બનવી જોઈએ તેવી માંગ કરી હતી. સોમવારે કોંગ્રેસના બે ધારાસભ્યો પ્રતિમા દાસ અને નીતુ કુમારી બિહાર સરકાર દ્વારા આયોજિત ફિલ્મનો સ્પેશિયલ શો જોવા પહોંચ્યા હતા. ફિલ્મ જોઈને તેણે વખાણ કર્યા અને સમર્થન કર્યુ કે કાશ્મીરી પંડિતો સાથે અત્યાચાર થયો છે.આ સાથે બંને ધારાસભ્યોએ કહ્યું કે, જે રીતે કાશ્મીરી પંડિતોનું સત્ય સામે આવ્યું છે તેવી જ રીતે ગોધરાકાંડનું સત્ય પણ બહાર આવવું જોઈએ.

કોંગ્રેસના ધારાસભ્ય પ્રતિમા દાસે કહ્યુ કે, આ ફિલ્મ દ્વારા જે રીતે કાશ્મીરનું સત્ય સામે આવ્યું છે. તેવી જ રીતે ગોધરા પર પણ ફિલ્મ બનવી જોઈએ જેથી તેનું સત્ય સૌની સામે આવે. બીજી તરફ કોંગ્રેસના હિસુઆ ધારાસભ્ય નીતુ કુમારીએ કહ્યુ કે કોંગ્રેસે દેશ માટે ઘણું બલિદાન આપ્યું છે. તેમણે કહ્યુ કે અમે વડાપ્રધાનને ગુમાવ્યા છે. હવે જ્યારે ધ કાશ્મીર ફાઈલ્સ જેવી ફિલ્મ બની રહી છે ત્યારે ગોધરા પર પણ ફિલ્મ બનવી જોઈએ જેથી લોકો તેનું સત્ય જાણી શકે.

નાયબ મુખ્યમંત્રી તારકિશોર પ્રસાદના નેતૃત્વમાં આ ફિલ્મ વિધાનસભાના બંને ગૃહોના સભ્યોને બતાવવામાં આવી હતી. મંત્રીઓની સાથે બિહાર વિધાન પરિષદના ઘણા મંત્રીઓ અને વિધાનસભા અધ્યક્ષ પણ ફિલ્મ જોવા પહોંચ્યા હતા. તો વિપક્ષ વતી આરજેડી એમએલસી આરકે પ્રસાદ અને કોંગ્રેસના ધારાસભ્ય પ્રતિમા દાસ પહોંચ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે ફિલ્મ દરમિયાન ઘણા ધારાસભ્યો ભાવુક થઈ ગયા હતા.

## મોદીએ સાંસદોને ક્ષેત્રમાં જઈને લોકોને સરકારી યોજનાઓ વિશે જાણકારી આપવા માટે કહ્યું

નવીદિલ્હી,

દિલ્હીના આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરમાં આજે બીજેપીની સંસદીય દળની બેઠક થઈ. બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ, બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સહિત ભાજપના તમામ સાંસદ હાજર રહ્યા. આ દરમિયાન પીએમ મોદીએ સાંસદોને ક્ષેત્રમાં જઈને લોકોને સરકારી યોજનાઓ વિશે જાણકારી આપવા માટે કહ્યું છે.

સૂત્રો અનુસાર બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ ૧ એપ્રિલ થી ૧૪ એપ્રિલ સુધીના કાર્યક્રમની યાદી સાંસદોને આપી. પીએમ મોદીએ કહ્યું ૬ એપ્રિલે પાર્ટીનો સ્થાપના દિવસ છે. ૧૪ એપ્રિલે આંબેડકર જયંતિ એવામાં સાંસદ પોતાના વિસ્તારમાં જાય અને લોકોને સરકારી યોજનાઓ વિશે જણાવે.

પીએમ મોદીએ કહ્યુ કે આપણે ગરીબો માટે કરીએ છીએ, સરકારી કલ્યાણની જે યોજનાઓ છે તેને લોકો સુધી પહોંચાડવી જોઈએ. પીએમ મોદીએ સાંસદોને જણાવ્યું કે અમે તમામ પૂર્વ મુખ્યમંત્રીઓના મ્યુઝિયમ બનાવી રહ્યા છીએ. અમે આ પ્રકારની રાજનીતિ કરતા નથી. પીએમ મોદીએ કહ્યું, અમે તમામ પૂર્વ વડાપ્રધાનીઓના યોગદાનનું સન્માન કરીએ છીએ. આ દરમિયાન પીએમે રાશન વિતરણ યોજનાનો પણ ઉલ્લેખ કર્યો. જેને કેન્દ્રએ અમુક સમય માટે લંબાવી છે.

## રાકેશ ટિકૈત ધરણા પર બેઠા : બીકેયુના પ્રવક્તાએ મુઝફ્ફરનગર પોલીસ પર ગંભીર આરોપ લગાવ્યો



મુઝફ્ફરનગર,

મુઝફ્ફરનગરમાં સોમવારે મોડી રાત્રે જિલ્લા હોસ્પિટલમાંથી બીકેયુ કાર્યકરોની અટકાયતના વિરોધમાં ચૌધરી રાકેશ ટિકૈત નગર કોટવાલીમાં ધરણા પર બેઠા છે. રાકેશ ટિકૈતનું કહેવું છે કે, પોલીસે ખોટી રીતે કાર્યવાહી કરી છે.સોમવારે મોડી રાત્રે શહેરના પ્રકાશ ચોક ખાતે આવેલી હોટલ પર ટીટાવીના બે ગ્રામજનો અને હોટલ માલિકના પુત્રો વચ્ચે મારામારી થઈ હતી.પોલીસ બંને પક્ષોને જિલ્લા હોસ્પિટલમાં લઈ ગઈ હતી. ગ્રામજનોએ બીકેયુના કાર્યકરોને ફોન કરીને સ્થળ પર બોલાવ્યા હતા.

જિલ્લા હોસ્પિટલમાં પણ બંને પક્ષો વચ્ચે મારામારી થઈ હતી. બીકેયુના કાર્યકરો ટીટાવીના બંને ગ્રામજનોને પોતાની સાથે લઈ ગયા હતા. આ મામલે પોલીસે ૧૧ લોકોની અટકાયત કરી છે.

બીકેયુના પ્રવક્તા ચૌધરી રાકેશ ટિકૈત મંગળવારે સવારે નગર કોટવાલી પહોંચ્યા અને ગ્રામીણો સામે ખોટી કાર્યવાહી કરાઈ હોવાનો આરોપ લગાવ્યો. પોલીસે તપાસ કરવા જણાવ્યું હતું. આ મામલે રાકેશ ટિકૈત સમર્થકો સાથે કોટવાલીમાં ધરણા પર બેઠા છે.

## ભારતમાં જાહેર દેવાનો હિસ્સો પ્રતિ-દિન વધી રહ્યો છે જે ચિંતાજનક

નવીદિલ્હી,

ભારતમાં જાહેર દેવાનો હિસ્સો પ્રતિ-દિન વધી રહ્યો છે જે ચિંતાજનક બાબત છે,દેશમાં ૨૦૨૧-૨૨ના ડિસેમ્બર ક્વાર્ટરમાં કેન્દ્ર સરકાર પરનું કુલ દેવું ૨.૧૫% વધીને રૂ. ૧૨૮.૪૧ લાખ કરોડ થયું છે. જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કુલ રૂ. ૧૨૫.૭૧ લાખ કરોડની જવાબદારી હતી. આ દરમિયાન સરકારે ૭૫,૩૦૦ કરોડ રૂપિયાની લોન ચૂકવી દીધી. જાહેર કરાયેલા નાણા મંત્રાલયના અહેવાલમાં જણાવાયું છે કે ડિસેમ્બર ક્વાર્ટરમાં કુલ જવાબદારીઓમાં જાહેર દેવાનો હિસ્સો વધીને ૯૧.૬% થયો છે, જે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૯૧.૧૫% હતો.

આ સમયગાળા દરમિયાન, સરકારે કુલ ૨.૮૮ લાખ કરોડની ડેટ સિક્યોરિટીઝ જાહેર કરી હતી. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં રૂ. ૨.૮૩ લાખ કરોડની ડેટ સિક્યોરિટીઝ જારી કરવામાં આવી હતી. આ સિક્યોરિટીઝમાં કોમર્શિયલ બેક્કોનો હિસ્સો ઘટીને ૩૫.૪૦ ટકા થયો છે જે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૩૭.૮૨ ટકા હતો. ડિસેમ્બર ક્વાર્ટરમાં જારી કરાયેલ કુલ ડેટ સિક્યોરિટીઝમાંથી ૨૫% પાંચ વર્ષથી ઓછી મુદતની પાકતી મુદત ધરાવે છે.

ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં વીમા કંપનીઓ અને પ્રોવિડન્ટ ફંડનો હિસ્સો અનુક્રમે ૨૫.૭૪ ટકા અને ૪.૩૩ ટકા હતો. મ્યુચ્યુઅલ ફંડનો હિસ્સો ૩.૦૮ ટકા અને આરબીઆઈનો હિસ્સો ૧૬.૯૨ ટકા હતો. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૧૬.૯૮ ટકાની સરખામણીએ ડિસેમ્બર ક્વાર્ટરમાં મધ્યસ્થ બેક્કનો હિસ્સો ઘટ્યો હતો, એમ અહેવાલમાં જણાવાયું છે.

સ્થાનિક મોરચે, રિઝર્વ બેક્કે સિક્યોરિટીઝ હસ્તગત કરવાની યોજના બંધ કર્યા પછી ત્રીજા ક્વાર્ટરમાં બજાર દબાણ હેઠળ રહ્યું હતું. વધારાના ઋણ અને મોંઘવારી વધવાના ભયે પણ મુશ્કેલીઓમાં વધારો કર્યો છે.

નાણા મંત્રાલયે કહ્યું કે ૧૦ વર્ષની પાકતી મુદતવાળી સરકારી સિક્યોરિટીઝ પર વ્યાજ વધ્યું છે. આના પર ડિસેમ્બર ક્વાર્ટરમાં ૬.૪૫ ટકાના દરે વ્યાજ મળ્યું હતું, જે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૬.૨૨ ટકા હતું. રેપો રેટને ૪ ટકા પર યથાવત રાખવાના આરબીઆઈના નિર્ણયે ૧૦ વર્ષની પાકતી મુદત ધરાવતી સરકારી સિક્યોરિટીઝને ટેકો આપ્યો છે.

## ટોલ નાકા પર ૧૦ થી ૫૫ રૂપિયા વધારાના ચૂકવવા પડશે, નવા દર ૧ એપ્રિલથી લાગુ થશે



નવીદિલ્હી,

દેશમાં મોંઘવારી પરાકાષ્ઠાએ પહોંચી છે,પેટ્રોલ ડિઝલના ભાવમાં સતત વધારો થતો રહે છે,ત્યારે ટોલ ટેક્ષમાં પણ ભાવ વધારો કરવાનો સરકારે નિર્ણય લીધો છે. જેના લીધે વાહન ચાલકોએ વધુ ટેક્ષ આપવવો પડશે.હરિયાણાના સોનીપતમાં નેશનલ હાઈવે-૩૩૪ બી પરથી પસાર થતા વાહનચાલકોએ તેમના ખિસ્સા ઢીલા કરવા પડશે. ૧૧ માર્ચના રોજ, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા એ ગામ ઝરોઠી પાસે સ્થાપિત ટોલ પ્લાઝાની શરૂઆત કરી. હવે ફરી ટોલ ટેક્સના દરમાં વધારો કરવામાં આવ્યો છે. અહીં હવે વાહનચાલકોએ ૧૦ થી ૫૫ રૂપિયા વધારાના ચૂકવવા પડશે. વધેલા ટોલ દર ૧ એપ્રિલથી લાગુ થશે. અલગ-અલગ વાહનો માટે અલગ-અલગ દર નક્કી કરવામાં આવ્યા છે.

કાર, જીપ અને હળવા વાહનો માટે રૂ. ૬૫, હળવા કોમર્શિયલ વાહનો માટે રૂ. ૧૧૦, મેરઠથી લોહારુ (ભિવાની) વાયા ખારખોડા જતા નેશનલ હાઈવે ૩૩૪બી પર ઝરોઠી મોર પાસે ઉભા કરાયેલા ટોલ પ્લાઝા પર બસ અને ટ્રક માટે રૂ. ૨૨૫. ટોલ ફી હતી. કોમર્શિયલ વાહનો માટે રૂ. ૨૪૫, ભારે વાહનો માટે રૂ. ૩૩૫ અને મોટા વાહનો માટે રૂ. ૪૩૦ થી શરૂ થાય છે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નિયમો હેઠળ, ઝરોઠી ટોલ પ્લાઝાની ૧૦ કિમીની ત્રિજ્યામાં રહેતા બિન-વ્યાવસાયિક ડ્રાઈવરો ૨૮૫ રૂપિયામાં માસિક પાસ મેળવી શકે છે. હવે ૧ એપ્રિલથી ૨૦ કિમીની ત્રિજ્યામાં રહેતા નોન-કોમર્શિયલ વાહનચાલકો રૂ. ૩૧૫નો માસિક પાસ મેળવી શકશે. એ જ રીતે જીટી રોડના ભીગન ટોલ, કેજીપી-કેએમપીના ટોલ પ્લાઝા પર પણ ટોલના દરો વધશે.

# મહીસાગર જિલ્લા આરોગ્ય કર્મચારીઓ દ્વારા પડતર પ્રશ્નોને લઈ આવેદનપત્ર આપવામાં આવ્યું

લુણાવાડા,
ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના આદેશ અન્વયે આજરોજ મહિસાગર જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ જગદીશ કે. પ્રજાપતિ તેમજ મહામંત્રી સમીર એન ઘાંચી તેમજ મુખ્ય કન્વીનર પ્રતાપસિંહ સી.તાવિયાડ અને સંજય પટેલ દ્વારા લુણાવાડા તાલુકાના તમામ હોદ્દેદારો દ્વારા હડતાલ અંગેનું આવેદનપત્ર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા વિકાસ અધિકારીને આપવામા આવ્યું હતું. જેમાં હવે પછી છેલ્લા કેટલાય વર્ષ થી પડતર પ્રશ્નોના નિકાલ માટે રજુઆત કરેલ છે. જેનો કોઈ નિકાલ આવેલ નથી. જે અંગે તારીખ ૨૮ માર્ચ થી કોઈપણ જાતનું


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ઓનલાઈન કે ઓફલાઈન રિપોર્ટિંગ કરવામાં આવશે નહીં તેમજ ૪-એપ્રિલના રોજ ગાંધીનગર ખાતે ધરણાના કાર્યક્રમમાં કરવામાં આવશે. જેમાં મહિસાગર જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ પણ ભાગ લેશે. વધુમાં, આરોગ્ય કર્મચારીઓ પોતાની ફરજ નિષ્ઠા સાથે નિભાવી છે. આ અગાઉ ત્રણ વાર પંચાયત હેઠળના આરોગ્ય કર્મચારીઓ હડતાલ કરી ચૂક્યા છે અને સરકારે લેખિતમાં તેમજ મૌખિક બાંયધરી આપવા છતાં આજ દિન સુધી એક પણ પ્રશ્નોનું સોલ્યુશન કરવામાં આવ્યું નથી. જેથી કર્મચારીઓમાં ખુબ જ રોષ જોવા મળે છે અને આંદોલન ઉગ્ર ન બને તે માટે સરકારને વિનંતી છે કે, આરોગ્ય કર્મચારીના પ્રશ્નો બાબતે કોરોના મહામારીમાં છેલ્લા બે વર્ષથી એકપણ રજા ભોગવ્યા વિના સહાનુભૂતિ રાખી સત્વરે નિરાકરણ લાવવામાં આવે તેવી માંગણી છે.

જ્યાં સુધી પડતર પ્રશ્નો હલ ન થાય ત્યાં સુધી મહીસાગર જિલ્લામાં તારીખ ૨૮ માર્ચ થી ઓફલાઈન કે ઓનલાઈન રિપોર્ટિંગ કરવામાં આવશે નહીં અને ૪ એપ્રિલના રોજ ગાંધીનગર ધારણા કરવામાં આવશે.

# મહીસાગર જિલ્લામાં PM પોષણ યોજના (મ.ભ.યો) હેઠળ ફરજ બજાવતા સંચાલક/ રસોઇયા/મદદનીશોની જિલ્લા કક્ષાએ રસોઇ સ્પર્ધા યોજાઇ

લુણાવાડા,
દેશના બાળકોને પોષણ યુક્ત ભોજન પ્રાપ્ત થાય તે માટે પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના શરૂ કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન યોજના કમિશ્નરની કચેરી દ્વારા પી.એમ.પોષણ યોજનાના શાળા કક્ષાના રસોડામાં રસોઇ કરવાની કામગીરીમાં જોડાયેલા માનદવેતન ધારકોને પ્રોત્સાહિત કરવા માટે તાલુકા શ્રેષ્ઠ પી.એમ.પોષણ કુક અને જિલ્લા શ્રેષ્ઠ પી.એમ.પોષણ કુક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તે અંતર્ગતમહીસાગર જિલ્લામાં પ્રધાનમંત્રી પોષણ યોજના (પી.એમ.પોષણ) (મધ્યાહન ભોજન યોજના) હેઠળ ફરજ બજાવતા સંચાલક/ રસોઇયા / મદદનીશોનું જિલ્લા કક્ષાનીરસોઇ સ્પર્ધા-નું આયોજન લુણાવાડા પ્રાંત અધિકારી એ.કે.ગૌત્તમના અધ્યક્ષ સ્થાને બ્રાન્ચ શાળા-૧ લુણાવાડાખાતે કરવામાં આવેલ હતું.



આ સ્પર્ધામાં જિલ્લાના છ તાલુકાઓના શ્રેષ્ઠ પી.એમ. પોષણ કુક સ્પર્ધકોએ વિવિધ વાનગીઓ બનાવી હતી. જેઓનું નિરક્ષણ નિર્ણાયક કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં લુણાવાડા તાલુકા માંથી મંજુલાબેન લાલસિંહ સોલંકીતેમણે દાળ-બાટી બનાવી હતી. જેઓને ૬૦ ગુણમાં ૪૭.૫ ગુણ પ્રાપ્ત થયા હતા. ખાનપુર તાલુકામાંથી હસુબેન એન વણકર તેમણે સરગવાની સીંગનું શાક/રોટલી બનાવી જેઓને ૬૦ માંથી ૪૦ ગુણ પ્રાપ્ત થયા હતા. બાલાસિનોર તાલુકામાંથી અરૂણાબેન પ્રવિણભાઇ માયાવંશી જેમણે વેજ પુલાવ બનાવ્યો હતો. જેઓએ ૬૦ ગુણમાંથી ૪૦.૫ ગુણ પ્રાપ્ત કર્યા હતા. વિરપુર તાલુકાના આરતીબેન છત્રસિંહ ઠાકોર જેમણે સુખડી/ ફાડાલાપસી બનાવી ૬૦ ગુણમાંથી ૪૭.૨ ગુણ પ્રાપ્ત કર્યા હતા. સંતરામપુર તાલુકામાંથી નિરૂબેન દિનેશભાઇ પારગીએ વેજ પુલાવ બનાવીને ૪૧.૪ ગુણ પ્રાપ્ત કર્યા હતા. જયારે કડાણા તાલુકાના સવલીબેન બાબુભાઇ પાદરીયા જેમણે માઠી સેવ/ પુડલા બનાવી ૬૦ માંથી ૪૨.૬ ગુણ પ્રાપ્ત કર્યા હતા.


નિર્ણાયક કમિટી દ્વારાપોષકતા અને સ્વાદના આધારે કરવામાં આવેલ મુલ્યાંકનમાં લુણાવાડા તાલુકામાંથી મંજુલાબેન લાલસિંહ સોલંકીએ પ્રથમ નંબર મેળવી જિલ્લા શ્રેષ્ઠ પી.એમ કુકનું મહાનુભાવોના હસ્તે રૂા.૧૦ હજારનું ઈનામ મેળવ્યું હતું. વિરપુર તાલુકાના આરતીબેન છત્રસિંહ ઠાકોરે દ્વિતીય નંબર મેળવી પાંચ હજારનું ઈનામ મેળવ્યું હતુ. તેમજ કડાણા તાલુકાના સવલીબેન બાબુભાઇ પાદરીયાએ તૃતિય નંબર મેળવી ત્રણ હજારનું ઈનામ પ્રાપ્ત કર્યું હતુ.

આ સ્પર્ધા દ્વારા નવી સારી વાનગીઓ રજૂ થઇ હતી. જેમાંથી બાળકોને વધુ ભાવે તેવી વાનગીની રેસીપી મેનુંમાં સુચવવા માટે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીના વાલીઓના અભિપ્રાયો મેળવ્યા હતા. તેમજ બ્રાન્ચ શાળા નં-૧ ની બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગેલુણાવાડા મામલતદાર ઈશ્વરભાઇ પટેલ, જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શિલ્પાબેન, મધ્યાન ભોજન નાયબ મામલતદાર વિરેન્દ્ર પ્રજાપતિ, લુણાવાડા નાયબ મામલતદાર અજીતસિંહ વાઘેલા, શિક્ષણ વિભાગના કર્મીઓ, શાળાના આચાર્ય પટેલ, એમ.ડી.એમ.સ્ટાફ સહિત વાલીઓ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# ગિરનાર લીલી પરિક્રમાની જેમ અંબાજીમાં ૫૧ શક્તિપીઠની પરિક્રમા યોજાશે

અંબાજી,
વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આગામી ૮થી ૧૦ એપ્રિલના રોજ ૫૧ શક્તિપીઠ મહોત્સવ યોજાશે. મહોત્સવના આયોજન અંગે પાલનપુર કલેકટર કચેરી ખાતે આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી.



આ બેઠકમાં આનંદ પટેલે જણાવ્યું કે, યાત્રાધામ અંબાજી ખાતે દેશ અને વિદેશમાં અલગ અલગ જગ્યાએ આવેલા માતાજીના ૫૧ શક્તિપીઠોના નિર્માણનું કામ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરાવ્યું હતું. દેશ અને વિદેશોમાં શ્રીલંકા, બાંગલાદેશ, નેપાળ, પાકિસ્તાન વગેરે દેશોમાં આવેલા માતાજીના શક્તિપીઠો પ્રમાણે આબેહુબ ૫૧ શક્તિપીઠોનું નિર્માણ અંબાજીમાં કરવામાં આવેલું છે. મનુષ્યના એક જ જન્મમાં દેશ અને વિદેશોમાં આવેલા આ શક્તિપીઠોમાં જઈ માતાજીના દર્શન કરવા એ દરેક માટે સંભવ નથી. તેથી મૂળ સ્થાનક જેવા જ ૫૧ શક્તિપીઠોનું અંબાજી ગબ્બર ખાતે નિર્માણ કરવામાં આવ્યું છે.

કલેકટરે જણાવ્યું કે, જૂનાગઢ ગિરનાર લીલી પરિક્રમાની જેમ અંબાજી ગબ્બર ખાતે આવેલ ૫૧ શક્તિપીઠ પરિક્રમાનું આયોજન રાજ્ય સરકારના માર્ગદર્શનથી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. જેનાથી અંબાજી દર્શને આવતા કરોડો માઈભક્તોને એક જ જન્મમાં ૫૧ શક્તિપીઠના દર્શનનો લ્હાવો મળશે.

તેમણે ઉમેર્યું કે, સવારે ૬થી સાંજે ૭ વાગ્યા સુધી યોજાનાર પરિક્રમાની વ્યવસ્થા જાળવવા માટે ભાદરવી પૂનમના મેળાની જેમ અલગ અલગ ૧૪ સમિતિઓ બનાવવામાં આવી છે. જેમાં આરોગ્ય સમિતિ, ઈમરજન્સી સારવાર સમિતિ, ઈમરજન્સી રિસ્પોન્સ, સ્વચ્છતા સમિતિ, રસ્તા મરામત સમિતિ, પાણી પુરવઠા સમિતિ, વિદ્યુત પ્રવાહ સમિતિ, અંબાજી તથા ગબ્બર તરફના પ્રવેશ માર્ગ પરના નિયંત્રણ અને પાર્કિંગ સમિતિ, ગબ્બર ટોચ ૫૧ શક્તિપીઠ પરિક્રમા માર્ગ ઉપર સંચાલન સમિતિ, રખડતાં ઢોરોનું નિયંત્રણ, સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ, VIP પ્રોટોકોલ અને લાયઝન સમિતિ, વિભિન્ન સંસ્થાઓનું સંકલન, મહાઆરતી અને લાઈટ એન્ડ સાઉન્ડ શોનું સંકલન સમિતિનો સમાવેશ થાય છે.

# જ્ઞાન બુદ્ધિ કસોટી ૨૦૨૧ માં લુણાવાડા સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલના ત્રણ વિદ્યાર્થીઓ રાજ્યમાં ટોપ ૧૦ માં




લુણાવાડા,
વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગર દ્વારા તાજેતરમાં લેવાયેલ સામાન્ય જ્ઞાન બુદ્ધિ કસોટી ૨૦૨૧ માં શ્રી વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ લુણાવાડા સંચાલિત સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલમાં અભ્યાસ કરતી ધોરણ ૧૦ ની વિદ્યાર્થીની બારીયા હિનલબેન સુનિલભાઈએ સમગ્ર રાજ્યમાં છઠ્ઠો સ્થાન પ્રાપ્ત કરેલ છે અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતી બારીયા સોનલબેન વિનોદભાઈએ સમગ્ર રાજ્યમાં આઠમા નંબર પ્રાપ્ત કરેલ છે. આજ શાળાના ધોરણ પાંચમાં અભ્યાસ કરતા હેમા પટેલે પણ સમગ્ર રાજ્યમાં બારમું સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવેલ છે. તે બદલ શાળા પરિવાર વતી શાળાના આચાર્ય પંકજ પટેલ તથા શાળા મંડળ અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે.

# મહારાષ્ટ્રમાં વીજળીની કટોકટી વધુ ઘેરી બનશે, ખાનગીકરણનાં વિરોધમાં વીજળી કર્મચારીઓની હડતાળ

મુંબઈ,
મહારાષ્ટ્રમાં વીજળી સંકટ વધુ ઘેરી બની શકે છે. વાસ્તવમાં ખાનગીકરણના વિરોધમાં વીજ કર્મચારીઓએ હડતાળનું એલાન કર્યું છે. રાજ્યના ઉર્જા પ્રધાન નીતિન રાઉતે સોમવારે તમામ યુનિયનોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હડતાળ પાછી ખેંચવાની અપીલ કરી હતી અને ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર ખાનગીકરણ કરવા જઈ રહી નથી. મહારાષ્ટ્રના ઉર્જા મંત્રી નીતિન રાઉતે મંત્રીએ યુનિયનના આગેવાનો સાથે બેઠકનું આયોજન કર્યું હતું, પરંતુ હડતાળ પાછી ન ખેંચાતા નારાજ મંત્રીએ આજની બેઠક રદ કરી હતી અને હડતાળ કરનારા કર્મચારીઓ પર મેસ્મા લગાવવાની ચેતવણી આપી હતી. સોમવારે રાષ્ટ્રવ્યાપી હડતાળની મુંબઈમાં મર્યાદિત અસર જોવા મળી હતી અને મોટાભાગની સેવાઓ સામાન્ય રીતે ચાલુ રહી હતી. મહારાષ્ટ્રના પાવર સેક્ટર યુનિટના કર્મચારીઓએ કાર્યવાહીના ડર છતાં હડતાળમાં ભાગ લીધો હતો. કર્મચારીઓએ રાજ્યના ઉર્જા પ્રધાન નીતિન રાઉત સાથે વાતચીત કરી.

આ સિવાય સરકારી અને વીમા કંપનીઓના કર્મચારીઓ અને ખાનગી ક્ષેત્રની જૂની બેંકના કર્મચારીઓએ આઝાદ મેદાનમાં બેઠક યોજી હતી. મહારાષ્ટ્ર સ્ટેટ બેંક એમ્પ્લોઈઝ ફેડરેશને એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ વિરોધમાં પાંચ હજાર કર્મચારીઓએ ભાગ લીધો હતો. મહારાષ્ટ્ર એસેન્શિયલ કોમોડિટી સર્વિસીસ મેનેજમેન્ટ એક્ટના અમલીકરણ અંગે ચેતવણી આપ્યાના એક દિવસ પછી, રાઉતે હડતાળ કરી રહેલા કામદારો સાથે ડિજિટલ મીટિંગ કરી અને તેમને ખાતરી આપી કે કોઈપણ કોર્પોરેશનનું ખાનગીકરણ કરવામાં આવશે નહીં.

## આપની આજ.......

મેષ : આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમય માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. પિતાના માર્ગદર્શનથી ઘરની સમસ્યાઓ ક્ષેત્રે ઉકેલાશે. સાસરા પક્ષ તરફથી સંબંધો સૌહાર્દપૂર્ણ બનશે અને તેમને ટેકો પણ મળશે.

વૃષભ : આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે. નાની બાબતોમાં ઘરનું વાતાવરણ ઉગ્ર બની શકે છે. બાળકોની જીદને લીધે ચિંતા થઈ શકે છે. લવ લાઈફ સ્થિરતા લાવશે.

મિથુન : લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. તમને આમાં રાહત મળશે ત્યાં તો કોઈ ઉપયોગી વ્યક્તિનો તમારા જીવનમાં પાછા આવવાનો આનંદ પણ રહેશે. આર્થિક બાજુ સારી રહેશે અને દૈનિક વેપારીઓને ધનનો લાભ મળશે.

કર્ક : આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે. જો વ્યવસાય સામાન્ય હોય તો પણ તેમની પોતાની ભૂલોને લીધે તેઓ તેમના લાભથી વંચિત રહેશે.

સિંહ : પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે. રોજગારી મેળવનારા યુવાનોને સફળતા મળશે.

કન્યા : તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે. આરોગ્ય સારું રહેશે, છતાં ભીડવાળી જગ્યાઓ પર જવાનું ટાળો. જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવે તો તે વધુ સારું રહેશે, નહીં તો તમારે પૈસા જ્યાં છે તે સુરક્ષિત રાખવા જોઈએ.

તુલા : વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, તેથી નફાની પરિસ્થિતિઓમાં વિકાસ થશે. વિદેશી કંપની સાથેની વ્યવસાયિક ભાગીદારી માટે સમય સારો છે.

વૃશ્ચિક : આજે ભાઈઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે. પારિવારિક વાતાવરણ સામાન્ય રહેશે પરંતુ ખુશીની ક્ષણમાં ઉદાસી રહેશે. સ્વાસ્થ્યમાં થોડી નરમાઈ રહેશે.

ધનુ : તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો. ક્ષેત્રમાં રોકાણ કરવાથી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે અને સારું વળતર પણ મળી શકે છે.

મકર : આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવો મહત્વપૂર્ણ છે. માત્ર ઓછા નફાને સંતોષ આપીને દિવસનો લાભ લઈ શકાય છે, નહીં તો વધારે લાભની તકમાં ચર્ચા થઈ શકે છે અને મામલો પણ હાથમાંથી નીકળી શકે છે.

કુંભ : આજે દિવસની શરૂઆતમાં તમે જે કામથી ઉત્સાહ સાથે કરશો તે પછી પૂર્ણ થશે. કોઈ માનસિક મૂંઝવણ અથવા ડરને લીધે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને કામ ધીમું પડશે.

મીન : આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઈક જુદું હશે. ધંધામાં જૂની યોજનાઓથી પૈસામાં ફાયદો થશે, પરંતુ નબળા નસીબના કારણે તમને થોડીક અછતનો અનુભવ થશે.

# સંરક્ષણ ક્ષેત્રે નવ વર્ષમાં ૩,૩૪૩ કરોડનું સીધું વિદેશી રોકાણ

નવીદિલ્હી,
સરકારે છેલ્લા કેટલાક વર્ષથી ઘણા ક્ષેત્રોમાં સીધું વિદેશી રોકાણ આકર્ષવાની નીતિ અપનાવી છે. જેમાં સંરક્ષણ ક્ષેત્રનો પણ સમાવેશ થાય છે. સરકારે સોમવારે જણાવ્યું હતું કે, સંરક્ષણ ક્ષેત્રમાં ૨૦૧૪થી કુલ રૂ.૩,૩૪૩ કરોડનું સીધું વિદેશી રોકાણ મળ્યું છે.સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રાજયસભામાં જણાવ્યું હતું કે, 'સંરક્ષણ ક્ષેત્રમાં ક્ષમતા વિસ્તરણ અને આધુનિક ટેક્નોલોજીના અમલ માટે સતત રોકાણ જરૂરી છે.

૨૦૦૧થી ૨૦૧૪ના ગાળામાં રૂ.૧,૩૮૨ કરોડનું સીધું વિદેશી રોકાણ આવ્યું હતું. જ્યારે ૨૦૧૪થી અત્યાર સુધીમાં સંરક્ષણ ક્ષેત્રમાં FDIનું પ્રમાણ રૂ.૩,૩૪૩ કરોડ નોંધાયું છે.' સરકાર દેશની સેવા કરતી વખતે શહીદ થયેલા જવાનોના પરિવારોને રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન કાર્યાલય તરફથી સ્વીકૃતિ પત્ર આપવાનું વિચારી રહી છે તેવા એક પ્રશ્નના જવાબમાં સંરક્ષણ રાજ્યમંત્રી અજય ભટ્ટે જણાવ્યું હતું કે, 'આવો કોઇ પ્રસ્તાવ વિચારણા માટે મળ્યો નથી.' અન્ય એક પ્રશ્નના જવાબમાં ભટ્ટે જણાવ્યું હતું કે, 'સરકારે સંરક્ષણ ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઓફ ઈન્ટેલિજન્સના ઉપયોગ માટે ૨૦૧૯માં ડિફેન્સ એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) કાઉન્સિલની રચના કરી હતી.' તેમણે જણાવ્યુ હતું કે, 'તમામ ત્રણ સેવાઓ (આર્મી, નેવી અને એરફોર્સ)એ એઆઈ પેટાસમિતિ અને એઆઈ અંગેના સંયુક્ત કાર્યકારી જૂથના સ્વરૂપમાં સંસ્થાકીય મિકેનિઝમ વિકસાવી છે. ડેટા મેનેજમેન્ટના માળખાના ભાગરૂપે ત્રણેય સેવા દ્વારા ડેટા પોલિસી બનાવાઈ છે અને ડેટા મેનેજમેન્ટ અધિકારીઓની નિમણૂક પણ કરવામાં આવી છે.' ભટ્ટે વધુમાં જણાવ્યું હતું કે, 'છેલ્લા ત્રણ વર્ષમાં સ્વદેશી ડિફેન્સ એરક્રાફટના રિસર્ચ અને ડેવલપમેન્ટ માટે રૂ.૩,૨૮૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવી હતી. જેમાંથી રૂ.૨,૮૩૫ કરોડની રકમનો વપરાશ થયો છે.' ભટ્ટના જણાવ્યા અનુસાર 'સ્વદેશી ડિફેન્સ એરક્રાફટ વિકસાવવા માટે હાથ ધરાયેલા વિવિધ રિસર્ચમાં ૧૦૦ ટકા સફળતા મળી છે.'

ઉલ્લેખનીય છે કે, ભારત ઘણા વર્ષોથી આધુનિક ડિફેન્સ સિસ્ટમ્સ અને હથિયારોની મોટા પાયે આયાત કરે છે. જેમાં દેશના વિદેશી હૂંડિયામણનો નોંધપાત્ર ખર્ચ થાય છે. જોકે, મોદી સરકારે છેલ્લા કેટલાક વર્ષોથી સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર થવા પર ભાર મૂક્યો છે. જેના ભાગરૂપે દેશની ખાનગી કંપનીઓને પણ વિવિધ ડિફેન્સ સિસ્ટમ્સ અને હથિયારોના ઓર્ડર અપાયા છે.

## છત્તીસગઢના મુખ્યમંત્રીએ ૧૭ રાજયોના મુખ્યમંત્રીઓને પત્ર લખ્યો

# GST નુકસાની જારી રાખવા કેન્દ્ર સમક્ષ એક સાથે વાત કરવાની વિનંતી કરી

રાયપુર,
કેન્દ્ર સરકારના જુન ૨૦૨૨ બાદથી રાજયોને જીએસટી નુકસાનની રકમ નહીં આપવાના નિર્ણય પર છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બઘેલે ૧૭ રાજયોના મુખ્યમંત્રીઓને પત્ર લખ્યો છે.પત્રમાં કેન્દ્રના નિર્ણયથી રાજયોને થનાર નુકસાનની વાત કહેવામાં આવી છે.મુખ્યમંત્રીએ ઓરિસ્સા,મધ્યપ્રદેશ ઉત્તારાખંડ ગુજરાત ઝારખંડ રાજસ્થાન પંજાબ બિહાર પશ્ચિમ બંગાળ હરિયાણા આંધ્રપ્રદેશ તમિલનાડુ કર્ણાટક કેરલ તોલંગણા અને દિલ્હીના મુખ્યમંત્રીઓને પત્ર મોકલ્યો છે.



મુખ્યમંત્રી બઘેલે ૧૭ રાજયોના મુખ્યમંત્રીઓને કેન્દ્ર સરકારથી નુકસાની ૧૦ વર્ષ સુધી જારી રાખવા સંયુકત વિનંતી કરવાની વિનંતી કરી છે જેથી રાજયોને રેવન્યુ નુકસાનથી બચાવી શકાય અથવા તો જીએસટી નુકસાની જારી રાખવાની વૈકલ્પિક વ્યવસ્થા બનાવી શકાય.ભુપેશે ત્રણ પાસા પર પોતાની વાત રાખી છે જેમાં તેમણે કેન્દ્રીય નાણાંમંત્રીની અધ્યક્ષતામાં ૨૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ નવીદિલ્હીમાં રાજયોના મુખ્યમંત્રીઓ અને નાણાંમંત્રીઓની સાથે બજેટ પૂર્વ બેઠકમાં છત્તીસગઢ સહિત અન્ય રાજયોને જુન ૨૦૨૨માં સમાપ્ત થનાર જીએસટી વળતર પર ચિંતા વ્યકત કરી હતી.કેન્દ્ર સરકારથી જીએસટી નુકસાનીને પાંચ વર્ષ વધુ વધારવાની વિનંતી કરી હતી આ મામલામાં તમામ રાજય કેન્દ્ર સરકારથી સકારાત્મક નિર્ણયની આશા રાખે છે.

બીજા પાસામાં બઘેલે કહ્યું હતું કે છત્તીસગઢ અને આંધ્રપ્રદેશ જેવા મ્યુફેકચરિંગ રાજયો માટે જીએસટી નુકસાની નહીં મળવાથી એક મોટુ નાણાંકીય નુકસાન થશે.વિ નિર્માણ રાજયો હોવાને કારણે દેશની અર્થવ્યવસ્થાના વિકાસમાં અમારૂ યોગદાન તે રાજયોની સરખામણીમાં ખુબ વધુ છે જેને વસ્તુઓ અને સેવાઓની વધુ ખપતના કારણે જીએસટી શાસનથી લાભ થયો છે.

ભુપેશ બઘેલે કહ્યું કે જો જીએસટી નુકસાની જુન ૨૦૨૨થી આગળ જારી રાખવામાં નહીં આવે તો છત્તીસગઢને ભારે મહેસુલી નુકસાન ઉઠાવવું પડશે આગામી નાણાંકીય વર્ષમાં લગભગ ૫ હજાર કરોડનું નુકસાન થઇ શકે છે.આવી જ રીતે બીજા રાજયોને પણ આગામી નાણાંકીય વર્ષમાં મહેસુલ ઓછું મળશે અને રાજયોને આ સમસ્યાથી જનહિતના કાર્યો અને વિકાસ કાર્યો માટે પૈસાની વ્યવસ્થા કરવી મુશ્કેલી પડી જશે.

ત્રીજા પાસામાં મુખ્યમંત્રીએ કહ્યું કે જીએસટી વ્યવસ્થા શરૂ થયા બાદ ટેકસ નીતિ પર રાજયોની સ્વતંત્રતા ખુબ ઓછી થઇ ગઇ છે.વાણિજિયક ટેકસ ઉપરાંત રાજયોની પાસે ટેકસ મહેસુલના અન્ય વિભાગોમાં મહેસુલ વધારવાનો વિકલ્પ બચશે નહીં આથી અર્થવ્યવસ્થા પર કોવિડ ૧૯ના દુષ્પ્રચારથી બહાર આવવા અને રાજયોને જીએસટીનો લાભ મળવા સુધી રાજયોને કેન્દ્ર સરકારથી વિનંતી કરવી જોઇએ કે તે ઓછામાં ઓછું પાંચ વર્ષ સુધી જીએસટીની કમી માટે નુકસાની સિસ્ટમને જારી રાખે મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યકત કર્યો છે કે રાજયો તેમની વાતથી સહમત થશે.

## ધાનપુરના ખજુરી ગામે થી ફોર વ્હીલ ગાડી માંથી ૧.૬૨ લાખનો દારૂ ઝડપ્યો




દાહોદ,
દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ખજુરી ગામેથી પોલીસે એક ફોર વ્હીલર ગાડીમાંથી રૂા. ૧,૬૨,૧૦૦ના વિદેશી દારૂના જથ્થા સાથે ગાડીના ચાલકની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે. જ્યારે અન્ય મહિલા સહિત ૧૧ ઈસમો વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગતરોજ ધાનપુર પોલીસને મળેલ બાતમીના આધારે ખજુરી ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ફોર વ્હીલર ગાડી નજીક આવતાંની સાથે પોલીસે તેને ચારેય તરફથી ઘેરી લીધી હતી અને ગાડીમાં સવાર ચાલક કમલેશભાઈ કનુભાઈ ડામોર (રહે. ઘુટીયા, નિશાળ ફળિયું, તા.લીમખેડા, જિ.દાહોદ) નાને પોલીસે અટકાયત કરી તેની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ ન મળતાં પોલીસે ગાડીની તલાસી લેતાં પોલીસે ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૧૨૧૦ કિંમત રૂા. ૧,૬૨,૧૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૪,૬૬,૧૦૦નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત ઝડપાયેલ ચાલકની પુછપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો પીયુશભાઈ મનુભાઈ સંગોડ (રહે. ખડદા, તા.ધાનપુર, જિ.દાહોદ), અર્જુનભાઈ સેવલાભાઈ મીનામા, નારણભાઈ સેવલાભાઈ મીનામા (બંન્ને રહે. સામલાકુંડ, તા.ભાભરા, જિ. અલીરાજપુર, મધ્યપ્રદેશ), અરવિંદભાઈ કનુભાઈ ડામોર (રહે. ઘુટીયા, નિશાળ ફળિયા), રાકેશભાઈ રમેશભાઈ રાવત (રહે. કુણધા, બાજીપુરા ફળિયું), વિનુભાઈ રાજુભાઈ મીનામા (રહે. ટીમ્બા), શૈલેષભાઈ ભુરીયા (રહે. વીસલંગા), કનુભાઈ ચૌહાણ (રહે. બડવીયુ ફળિયું), સંજયભાઈ (રહે. પાલ્લી, લીમખેડા), નરેશભાઈ નારણભાઈ સંગાડા (રહે. હાથીધરા) અને જીણીબેન ભારતભાઈ ચૌહાણ (રહે. કુણધા, તા. લીમખેડા, જિ.દાહોદ) નાઓની મદદથી વિદેશી દારૂની હેરાફેરી કરતો હોવાની પોલીસ સમક્ષ કબુલાત કરતાં ધાનપુર પોલીસે ઉપરોક્ત ૧૨ ઈસમો વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયાની નાની ખજુરી ગામે DJ સીસ્ટમ માંથી ૫૮ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના નાની ખજુરી ગામેથી પોલીસે ડી.જે. સીસ્ટમમાંથી વિદેશી દારૂનો કુલ રૂા. ૫૮,૫૬૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૧,૪૮,૫૬૦નો મુદ્દામાલ સાથે એક જણાની અટકાયત કર્યાંનું જાણવા મળે છે જ્યારે બે જણા નાસી જવામાં સફળ રહ્યાં છે.

ગત તા. દેવગઢ બારીઆ તાલુકાના નાની ખજુરી ગામે એક ડીજે. સીસ્ટમ પસાર થઈ રહ્યું હતું. આ દરમ્યાન પોલીસને તેની ઉપર શંકા જતાં તેને ઉભા રાખવાની પ્રયાસ કરતાં ડી.જે. સીસ્ટમ ગાડીમાં સવાર શૈલેન્દ્રસિંહ મોહબ્બતસિંહ ચૌહાણ (રહે. લાલબાગ, દેવગઢ બારીઆ, તા.દેવગઢ બારીઆ, જિ.દાહોદ) અને તેની સાથેનો અન્ય એક ઈસમ નાસી જવામાં સફળ રહ્યો હતો જ્યારે પોલીસે પ્રથમ કુમાર ગણપતસિંહ તડવી (રહે. ખોખરા, નિશાળ ફળિયુ, તા. દેવગઢ બારીઆ, જિ.દાહોદ) નાની અટકાયત કરી ડી.જે. સીસ્ટમ ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા ટીનની કુલ બોટલો નંગ. ૪૮૦ કિંમત રૂા. ૫૮,૫૬૦નો પ્રોહી જથ્થો કબજે કરી ગાડીની કિંમત મળી કુલ રૂા. ૧,૪૮,૫૬૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂદ્ધ દેવગઢ બારીઆ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના ખંગેલા ગામે ફોર વ્હીલ ગાડી માંથી ૭૮ હજારના દારૂ સાથે ચાલકને ઝડપ્યો

દાહોદ,
દાહોદ તાલુકાના ખંગેલા ગામેથી પોલીસે એક ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા. ૭૮,૭૨૦ના પ્રોહી જથ્થા સાથે ચાલકની અટકાયત કરી ગાડીની કિંમત મળી કુલ રૂા. ૧.૮૦,૪૨૦નો મુદ્દામાલ કબજે કર્યાંનું જ્યારે એક ઈસમ નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે. ગત તા. ૨૮મી માર્ચના રોજ કતવારા પોલીસ ખંગેલા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતી હતી. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક મારૂતિ સુઝુકી ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાંની સાથે પોલીસે તેને ચારેય તરફથી ઘેરી લેતાં તેમાં સવાર પંકજ ઉર્ફે પંકેશભાઈ મેડા (રહે. ખંગેલા, ઘેડ ફળિયા, તા.જિ.દાહોદ) નો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. જ્યારે પોલીસે લાલાભાઈ હસનભાઈ મેડા (રહે. ખંગેલા, ઘેડ ફળિયા, તા.જિ.દાહોદ) ની અટકાયત કરી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૭૨૦ કિંમત રૂા. ૭૮,૭૨૦ ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૧,૮૦,૪૨૦ નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ કતવારા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હાય રે મોંઘવારી ગરમી વધતા શાકભાજીનાં ભાવમાં આવ્યો ઉછાળો

- ઉનાળો આવતા જ શાકભાજીના ભાવમાં પણ વધારો થયો.
- લીંબુ ૧૭૦ થી ૨૦૦ રૂપિયા પ્રતિકિલોના ભાવે મળી રહ્યા છે.
- ૮ દિવસમાં ૭ વખત વધી પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારો થયો છે.

દાહોદ,
શાકભાજી, ખાવાનું તેલ, પેટ્રોલ-ડીઝલ, દૂધ, અનાજ એવી કોઈ જીવન જરૂરિયાતી વસ્તુ નથી કે જેના ભાવ વધ્યા ન હોય. આ ઉનાળો કાઢવો લોકો માટે આકરો બની રહેશે. ખાવાપીવાની વસ્તુઓ પર બ્રેક મારવી પડશે. ઉનાળો આવતા જ શાકભાજીના ભાવમાં પણ વધારો થયો, જોકે, પેટ્રોલ-ડીઝલની કિંમતના ભાવ પણ વધ્યા છે.

એક તરફ ગરમીનો પારો ૪૦ ને પાર પહોંચી ગયો છે, તો બીજી તરફ મોંઘવારીનો પારો પણ વધી રહ્યો છે. શાકભાજી ગરમીની શરૂઆત થતા જ લીલા શાકભાજી અને લીંબુના ભાવમાં વધારો થયો છે. દરેક શાકભાજીના ભાવમાં પ્રતિ કિલોના ૫ થી ૧૦ રૂપિયાનો વધારો થયો છે. જ્યારે કે, લીંબુના ભાવ તો આસમાને પહોંચ્યા છે. લીંબુનો પ્રતિ કિલો ભાવ ૧૭૦ થી ૨૦૦ એ પહોંચ્યો છે. આ ભાવ વધારાનું કારણ છે. ગરમી ઉનાળાની શરૂઆત થતા જ શાકભાજી ઉત્પાદન ઘટ્યું છે. બીજી તરફ પેટ્રોલ ડીઝલના ભાવમાં વધારો થતાં જ શાકભાજી જે બહાર થી આવી રહી છે. તેના પર પેટ્રોલની અસર વધી છે. વાહનવ્યવહાર મોંઘો થયો છે તેની અસર પણ ભાવ પર પડી છે.

એક તરફ શાકભાજી તો બીજી તરફ, પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં રોજેરોજ વધારો ઝીંકાઈ રહ્યો છે. ૮ દિવસમાં ૭ વખત ભાવ વધી પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારો થયો છે. આજના લેટેસ્ટ ભાવ મુજબ, પેટ્રોલની કિંમતમાં ૮૦ અને ડીઝલમાં ૭૨ પૈસા વધ્યા છે. CNG ની કિંમતમાં પ્રતિ કિલો ૧.૫ રૂપિયાનો વધારો થયો છે. રાજ્યના કેટલાક શહેરોમાં પેટ્રોલ ૧૦૦ રૂપિયાને પાર પહોંચી ગયુ છે. રાજ્યમાં પેટ્રોલની કિંમત સરેરાશ ૯૯.૯૦ રૂપિયા થઈ છે. તો ડીઝલની સરેરાશ કિંમત ૯૪.૦૭ રૂપિયા પ્રતિલીટર થઈ છે. પ્રીમિયમ પેટ્રોલ પ્રતિલીટર ૧૦૩.૨૪ રૂપિયાને પાર પહોંચી ગયુ છે. આંતતરાષ્ટ્રીય સ્તરે ક્રૂડના ભાવમાં વધારાને લીધે ગુજરાત સહિત દેશભરમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે.

## બોર્ડની પરીક્ષાના પ્રથમ દિવસે કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષકએ જિલ્લાના સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રોની રૂબરૂ મુલાકાત લીધી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે ત્યારે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશ જોયસરે પરીક્ષાના પ્રથમ દિવસે જ જિલ્લાના સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રોની રૂબરૂ મુલાકાત લઇને વિદ્યાર્થીઓ શાંત માહોલમાં પરીક્ષા આપી શકે એ માટે કરવામાં આવેલી વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું.

કલેક્ટર ડો. ગોસાવી અને એસપી જોયસરે જિલ્લાની રૂવાબારી, પીપલોદ ખાતેની તેમજ મોડલ સ્કુલ લીમખેડાની મુલાકાત લીધી હતી. તેમણે અહીં કરવામાં આવેલી વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. વિદ્યાર્થીઓને યોગ્ય વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે જાહેર કરવામાં આવેલા સરકારના નિયમોનું યોગ્ય રીતે પાલન થાય છે. તે માટેની તેમણે ખાતરી કરી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓ માટે જરૂરી સુવિધાઓ મળી રહી છે, તે બાબતની પણ પૃષ્ટિ કરી હતી. પરીક્ષા કેન્દ્રો ખાતે કરવામાં આવેલી વ્યવસ્થા અંગે તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ વેળાએ દેવગઢ બારિયા ચીફ ઓફિસર વિજયભાઇ ઇટાલીયા, લીમખેડા નાયબ પોલીસ અધિક્ષક રાજેન્દ્ર દેવધા,સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લીમખેડાના જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૯માં પ્રવેશ માટેની પરીક્ષા આગામી તા. ૯ એપ્રીલે યોજાશે

દાહોદ,
લીમખેડાના જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૯માં વર્ષ ૨૦૨૨-૨૩ માટે પ્રવેશ પરીક્ષા આગામી તા. ૯ એપ્રીલ, શનીવારે યોજાશે. આ માટેની પરીક્ષાની રસીદ સમિતિની વેબસાઇટ www.navodaya.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. વિદ્યાર્થીઓએ પરીક્ષા સ્થળ પર ૧૦.૩૦ વાગ્યા સુધીમાં હાજર રહેવું. કોઇ પણ વિદ્યાર્થીને ૧૧.૧૫ વાગ્યા પછી પ્રવેશ આપવામાં આવશે નહી. તેની વિદ્યાર્થીઓ-વાલીઓ ખાસ નોંધ લે. આ પરીક્ષા આર્ટસ કોલેજ લીમખેડા, મોટા હાથીધરા ખાતે આગામી તા. ૯ એપ્રીલે સવારનાં ૧૧.૧૫ થી ૧.૪૫ વાગ્યા સુધી યોજાશે તેમ લીમખેડાના જવાહર નવોદય વિદ્યાલયના પ્રાચાર્ય પી.આર. ચાફલેએ એક યાદીમાં જણાવ્યું છે.

## ઝાલોદના ભાવપુરા ગામે વાહનની ટક્કરે બાઈક ચાલકનું મોત

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ભાવપુરા ગામે એક અજાણ્યા વાહનની ટક્કરે એક મોટરસાઈકલના ચાલક આવી જતાં મોટરસાઈકલના ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા. ૨૮મી માર્ચના રોજ ઝાલોદ તાલુકાના ભાવપુરા ગામેથી એક અજાણ્યો વાહનનો ચાલક પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. ત્યારે ત્યાંથી પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ ઝાલોદ તાલુકાના મુંડાહેડા ગામે જળાઈ ફળિયામાં રહેતાં સતીષભાઈની મોટરસાઈકલને અડફેટમાં લેતાં સતીષભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવતાં સતીષભાઈનું સારવાર દરમ્યાન મોત નીપજતાં આ સંબંધે મૃતક સતીષભાઈના પિતા દેવસીંગભાઈ ટીટાભાઈ આમલીયારે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અતીતની માટલાની પરબોની જગ્યાએ ઠંડા પાણીના વોટર કુલરોએ લીધી છે કે શું ?



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
દે.બારીયા શહેરમાં એસીના દાયકામાં ઠેરઠેર પરબો ઉપર માણસો મુકી ઠંડા પાણી રાહદારીઓ પીવડાવતા હતા. એ પણ કંતાનના પંડાલ અને માટીના માટલા ઉપર પણ કંતાન લપેટીને પાણી ઠંડુ રખાતું હતું. તે ઠંડુ પાણી મીઠું અને તરસને છીપાવા માટે પુરતું હતું. હાલના તબક્કે પરબો લુપ્ત થઈ રહી છે. તેનું મુખ્ય કારણ હાનિકારક ગેસ મુક્ત વોર્ટસ પ્લાન્ટો ઠેરઠેર શરૂ થઈ ગયા છે. તેનો એક વોટર કુલરના રૂા.૩૦નો ભાવ માર્ચ મહિનો શરૂ થતા પહેલા નક્કી થઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરમાં પહેલા જમાના મુજબ માટીના માટલા અને મોટા કુંજાની હરોળો લુપ્ત થઈ ચુકી છે. તેના સ્થાને ઠંઠા પાણીના કુલરો એ લઈ લીધી છે. દે.બારીયાના સર્કલ બજારમાં માટલા સાથે પાણીના કારબા મુકવામાં આવતા અવરજવર કરતા આમ વટેમાર્ગુઓ તરસ સંતોષી રહ્યા છે. સદર પાણીની પરબ જુની પદ્ધતી અને હાલની આધુનિક પદ્ધતિનો સંગમ સાથે હાલના આધુનિક પંડાલમાં અમારા પંચમહાલ સમાચારના પ્રતિનીધીના કેમેરા કેદ થયેલી જણાઈ આવી છે. જેમાં માટલા સાથે સાથે ઠંડા પાણીના કારબાઓ પરબ ઉપર પોતાનો કબ્જો કરી લીધો છે. પહેલા જમાનામાં પણીયારી વટે માર્ગુને પાણીની સેવા આપતી હતી. આજના આધુનિક યુગમાં સેલ્ફ સર્વિસમાં પાણીએ પણ શરીરને હાનિકારક જાતે પ્યાલો ભરી પવો પડે છે. જે પ્યાલામાં પાણી લેધું તે પ્લાસ્ટીક પર્યાવરણને નુકશાનીકારક સાબિત થયો તો પણ તરસ માટે પાણીનો પીવું પડશેને.

## પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના સાથે સંકળાયેલા રસોઇયાઓની રસોઇ સ્પર્ધા યોજાઇ

દાહોદ,
શાળામાં આવતા બાળકોને પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ભોજન આપવામાં આવે છે. બાળકોને ન કેવળ પોષક ભોજન મળે પરંતુ તે સ્વાદિષ્ટ હોય તેનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને દાહોદ જિલ્લામાં આ યોજના સાથે સંકળાયેલા સંચાલકો, રસોઇયા-મદદનીશની રસોઇ સ્પર્ધા તાલુકા કક્ષાએ યોજાઇ હતી. આ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ વિજેતા થયેલા રસોઇયાઓની સ્પર્ધા આજે દાહોદની ભાઠીવાડા મુખ્ય પ્રાથમિક શાળા ખાતે યોજાઇ હતી. આ સ્પર્ધાનો ઉદ્દેશ બાળકોને પોષક ભોજનની સાથે સ્વાદિષ્ટ ભોજન પણ મળે તેનો છે તેમ દાહોદના મધ્યાહન ભોજન યોજનાના નાયબ કલેક્ટરએ જણાવ્યું છે.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના CWDC એકમ દ્વારા વિદ્યાર્થી બહેનોને ભગીની સમાજની મુલાકાત કરાવવામાં આવી




દાહોદ,
તા. ૨૯/૦૩/૨૦૨૨ મંગળવાર ના રોજ 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના Collegiate Women's Development Cell (CWDC) નાવિદ્યાર્થી બહેનોએ ભગીની સમાજ, દાહોદની મુલાકાત લીધી હતી.

જયાં સ્ત્રી સશકિતકરણના હેતુઓને કેન્દ્રમાં રાખી વિવિધ પ્રકારની સામાજિક,શૈક્ષણિક, આરોગ્ય વિષયક અને બૌધ્દિક પ્રવૃત્તિઓ વિશે ભગીની સમાજના શ્વેતાબેન તેમજ નમ્રતાબેન દ્વારા રસ પૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ મુલાકાતમાં કોલેજની ૨૦ જેટલી વિદ્યાર્થી બહેનો જોડાયા હતા. આ મુલાકાતનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય ડો.ગૌરાંગ ખરાદીના માર્ગદર્શન હેઠળ CWDC ના કો- ઓર્ડિનેટર ડો.રુચિતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## દિલ્હી, મધ્યપ્રદેશ સહિત ઘણા રાજ્યો માટે હીટ વેવનું એલર્ટ જારી

નવીદિલ્હી,
ઉત્તર ભારતમાં છેલ્લા કેટલાક દિવસોમાં તાપમાનમાં ઝડપથી વધારો થયો છે. હવામાન વિભાગે દિલ્હી, મધ્યપ્રદેશ સહિત ઘણા રાજ્યો માટે હીટ વેવનું એલર્ટ જારી કર્યું છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, જમ્મુ ડિવિઝન, હિમાચલ પ્રદેશ, સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં આગામી બે દિવસ સુધી હીટ વેવની આશંકા છે. તો મધ્ય પ્રદેશ, વિદર્ભ અને રાજસ્થાનમાં આગામી ચાર દિવસો સુધી હીટ વેવ પોતાનો કહેર વરસાવશે. હવામાન વિભાગે ચેતવણી જારી કરતા જણાવ્યું છે કે હરિયાણા, દક્ષિણ ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળના કેટલાક ભાગો, પૂર્વ મધ્ય પ્રદેશ, ઉત્તર મધ્ય મહારાષ્ટ્ર જેવા વિસ્તારોમાં પણ ૩૦ માર્ચથી એક એપ્રિલ, ૨૦૨૨ સુધી ગરમીનો કહેર વર્તાશે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આજે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે દિલ્હીમાં ૨૯ માર્ચથી હીટ વેવ કહેર મચાવશે. જોકે, જે રાજ્યોમાં હીટ વેવ ચાલશે, ત્યાં આગામી પાંચ દિવસો સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં. હવામાન વિભાગે જણાવ્યું છે કે, તાપમાનમાં માત્ર ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ફેરફાર જોવા મળી શકે છે. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હીટ વેવ પણ જોવા મળશે. આવી સ્થિતિમાં તાપમાનની વાત કરીએ તો અમદાવાદનું લઘુત્તમ તાપમાન આજે ૨૧ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ રહેવાનું છે. લોકો માટે દિવસ દરમિયાન ધગધગતા તડકાને કારણે બહાર નીકળવું મુશ્કેલ બનશે. આ ઉપરાંત રાજસ્થાનના જયપુરનું લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી રહેશે. આ સાથે જ ગુજરાત અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં પણ હીટવેવની શક્યતા છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી તા. ૧ એપ્રીલે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે

દાહોદ,
રાજયમાં અત્યારે ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. ત્યારે આગામી તા. ૧ એપ્રીલ, શુક્રવારે સવારે ૧૧ વાગ્યેથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે. આ કાર્યક્રમનું સીધું પ્રસારણ દૂરદર્શન તેમેજ યુટ્યુબ ચેનલ પર કરવામાં આવશે. પરીક્ષાના સમયમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ તણાવનો અનુભવ કરી રહ્યાં હોય છે. ત્યારે પ્રધાનમંત્રી ચિંતામુકત થઇને શાંતિથી પરીક્ષા આપવા બાબતે માર્ગદર્શન કરશે. જવાહર નવોદય વિદ્યાલય, લીમખેડાના પ્રાચાર્યએ વિદ્યાર્થીઓ-વાલીઓને આ કાર્યક્રમ અવશ્ય જોવા અપીલ કરી છે.

## ગુજરાત રાજ્યની શાળાઓમાં ૩૫ દિવસનું ઉનાળું વેકેશનની જાહેરાત કરતું શિક્ષણ વિભાગ

દે.બારીયા,
ગુજરાત રાજયની પ્રા.શાળાઓ સરકારી અને ગ્રાન્ટેડ અધ્યાયન મંદિરો, બાલ અધ્યાયન મંદિરો, સ્વનિર્ભર પીટી કોલેજોમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં ૩૫ દિવસનું ઉનાળું વેકેશનની જાહેરાત કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક અને માદયમિક શાળાઓમાં ૩૫ દિવસના વેકેશનની ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના દ્વારા એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ પરિપત્રના મુજબ રાજયની તમામ પ્રાથમિક શાળા અને મા.શાળાઓમાં દર વર્ષના મુજબ પીટીસી કોલેજોમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં ૩૫ દિવસનું ઉનાળું વેકેસન નિયત કરવામાં આવ્યું છે. આ ઉનાળુ વેકેશનનો સમય આગામી તા.૦૯/૦૫/૨૦૨૦ થી ૧૨/૦૬/૨૦૨૨ સુધીનું એટલે કે ૩૫ દિવસનું ઉનાળું વેકેશન રહેશે. જ્યારે આગામી તા.૧૩/૦૬/૨૦૨૨ થી શાળાઓ રાબેતા મુજબ શરૂ થશે તેવું શિક્ષણ વિભાગના પરિપત્રમાં જણાવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.183

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## કાંકણપુરની ખેતીની જમીનમાં વેચાણ બાનાખતના આધારે

# બિનખેતી (NA) કર્યા વગર બોગસ પ્લોટીંગનો નકશો બનાવી ૧૧૩ ગ્રાહકો પાસેથી ૧.૨૦ કરોડ ઉઘરાવી લેવાયા

- ગોધરાના બિલ્ડર દ્વારા ઓગસ્ટ ૨૦૨૧માં પ્લોટ ગ્રાહકો પાસેથી ૧ લાખ ૧ હજાર લેવાયા.
- બિલ્ડર દ્વારા ગ્રાહકો સાથે છેતરપિંડી કરવાના ઈરાદે સ્ટેમ્પ નોટરીના સહી, સિક્કા વગર આપ્યા.
- કાંકણપુર પોલીસ મથકમાં બિલ્ડર દ્વારા થયેલ છેતરપિંડીની ફરિયાદ આપવા જતાં પોલીસ દ્વારા અરજી લેવાના ઈન્કારથી સાંઠગાંઠની ચાડી ખાઈ છે.

ગોધરા,

ગોધરા તાલુકાના કાંકણપુર ગામે આવેલ ખેતીની જમીન જે સંયુકત મિલ્કત હોય મિલ્કતના સંયુકત વારસદાર પૈકીના ગોધરા ખાતે રહેતા અને શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેમના દ્વારા સંયુકત મિલ્કતના અન્ય વારસદારોને વિશ્વાસમાં લીધા વગર ગોધરાના જમીન વેપારી બિલ્ડરને આ ખેતીની જમીનનો વેચાણ બાનાખત કરી આપ્યો હતો. ખેતીની જમીનનો વેચાણ બાનાખત કરાવનાર બિલ્ડર ખેડુત ન હોવા આ ખેતીની જમીન રાખેલ હતી. આ ખેતીની જમીન બિનખેતી પ્રક્રિયા (એન.એ.) કર્યા વગર ખેતીની જમીનમાં પ્લોટીંગ કરવામાં આવ્યું હતું. ૧૧૩ પ્લોટનો બોગસ નકશો બનાવી ૧૧૩ સભ્યો પાસેથી એક પ્લોટના બુકીંગ પેટે રૂપીયા ૧,૦૧,૦૦૦/- ઓગસ્ટ ૨૦૨૧માં લીધેલ હતા અને છ મહિનામાં દસ્તાવેજ તથા પ્લોટનો કબ્જો આપવાની ખાત્રી આપી હતી.

ગોધરાના કાંકણપુર ગામે ખેતીની જમીનનો વેચાણ બાનાખત કરાવી લેનાર બિલ્ડર તેમજ જમીનના વેપારી દ્વારા ખેતીની જમીનમાં બિનખેતીની પ્રક્રિયા કર્યા વગર ખેતીની જમીનમાં ૧૧૩ પ્લોટીંગનો બોગસ નકશો બનાવીને ૧૧૩ જેટલા ગ્રાહકો પાસેથી ૧,૦૧,૦૦૦/-રૂપીયા લેખે ૧ કરોડ ૨૦ લાખ રૂપીયા ઉઘરાવી લેવામાં આવ્યા હતા અને દસ્તાવેજતેનાજ પ્લોટનો કબ્જો આપવામાં આવ્યો ન હોય જેને લઈ કાંકણપુર ગામે પ્લોટ રાખનાર ગ્રાહકો પોતે છેતરાયા હોવાનું જણાઈ આવ્યું હોય આ બાબતે મહિલા દ્વારા કાંકણપુર પોલીસ મથક ખાતે ૧૭/૨/૨૦૨૨ના રોજ પહોંચીને કાંકણપુર ગામે ખેતીની જમીનમાં પ્લોટીંગ કરી ૧૧૩ પ્લોટનો બોગસ નકશો બનાવી પ્લોટ રાખનાર ગ્રાહકો પાસેથી પ્લોટ પેટે લીધેલ રૂપીયાની પહોંચ અને નોટરી માટેના ૩૦૦ રૂપીયાના સ્ટેમ્પ ઉપર પ્લોટને લગતી વિગતો દર્શાવેલ છે પરંતુ કાંકણપુર ગામે ખેતીની જમીનનું વેચાણ બાનાખત કરાવી લેનાર બિલ્ડર ગ્રામ્ય વિસ્તારની પ્રજા સાથે છેતરપિંડી કરવાનો ઈરાદો ધરાવતો હોય તે મુજબ ૩૦૦ રૂપીયાના નોટરી સ્ટેમ્પ પેપર ઉપર નોટરીના સહી-સિક્કા કર્યા વગર આપેલ હોય તે પુરાવા સાથે છેતરપિંડી-વિશ્વાસઘાતની અરજી આપી હતી અને રીસીવિંગ કોપી ઉપર સહી-સિક્કા કરી આપવા કહેતા કાલે તેમ પોલીસ મથકે આવજો બન્ને પાર્ટીને પોલીસ મથકે બોલાવી લઈશું. જ્યારે ૧૮/૨ના રોજ પોલીસ મથક ગયા હતા હજુ બીજા પુરાવા રજુ કરવા કહેવામાં આવ્યું. ત્યારે વધુ પુરાવા સાથે કાંકણપુર પોલીસ મથકમાં જઈ અરજી આપી ત્યારે કાંકણપુર પોલીસ દ્વારા મહિલાની અરજી સ્વીકારવામાં આવી ન હતી. તે જોતાં કાંકણપુર ખેતીની જમીનમાં એન.એ. કર્યા વગર પ્લોટીંગ કરી બિલ્ડર દ્વારા ગ્રાહકો સાથે કરવામાં છેતરપિંડીની ફરિયાદ કાંકણપુર પોલીસે નહી સ્વીકારીને કાંકણપુર પોલીસ પણ ખેતીની જમીનના પ્લોટીંગવાળા કિસ્સામાં બિલ્ડરની તરફદારી કરવાની ભૂમિકા હોય તેવા આક્ષેપ મહિલા અરજદાર દ્વારા કરવામાં આવ્યા છે. સાથે અરજદાર મહિલા દ્વારા કાંકણપુર ગામે ખેતીની જમીન બિનખેતી (એન.એ.) કર્યા વગર પ્લોટીંગની ૧૧૩ જેટલા ગ્રાહકો સાથે છેતરપિંડી કરનાર ઈસમો જમીન આપનાર, જમીન લેનાર અને મળતીયાઓ સામે કાર્યવાહી કરવા પંચમહાલ જીલ્લા કલેકટર સહિત રાજ્ય મહેસુલ મંત્રીને રજુઆત કરવામાં આવી છે. હવે જોવાનું રહે છે કે, કાંકણપુર ગામે ખેતીની જમીન એન.એ. કર્યા વગર પ્લોટીંગ કરી ગ્રામ્ય વિસ્તારના લોકો પાસેથી ૧.૨૦ કરોડ ઉપર ઉઘરાવી લઈ છેતરપિંડી કરનાર બિલ્ડરની સામે કાર્યવાહી થાય તે જરૂરી છે.

## વેજલપુર અને રાજગઢ પોલીસે પીકઅપ ગાડીમાં કત્તલના ઈરાદે લઈ જવાતા ૬ ગૌવંશ બચાવી લેવાયા


તસ્વીર : જયદીપ ઠાકર, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર પોલીસ રાજગઢ પોલીસની માહિતીના આધારે સુરેલી ચોકડી ખાતે નાકાબંધી કરી પીકઅપ ગાડી ઉભી રાખવાની કોશીષ કરતાં પીકઅપ ગાડી ઉભી નહી રાખી ભગાડી મુકતા પોલીસે પીછો કર્યો હતો. ગૌવંશ ભરેલ વાહન નાદરખા ગામ તરફ મૂકીને આરોપીઓ નાશી છુટીયા હતા. પોલીસે વાહન માંથી ગૌવંશ-૬ ને બચાવી લેવાયા. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના વેજલપુર પોલીસને રાજગઢ પોલીસે માહિતી આપી હતી કે, પીકઅપ નંબર જીજે.૧૭.ટીટી. ૫૩૩૯ માં ગૌવંશ ભરીને વેજલપુર તરફ આવે છે. તેવી માહિતીના આધારે વેજલપુર પોલીસે સુરેલી ચોકડી ઉપર નાકાબંધી કરી બાતમીના પીકઅપને ઉભી રાખવાની કોશીષ કરતા ચાલકે વાહન ઉભું નહી રાખીને ભગાવી મુક્યું હતું. પોલીસે પીછો કરતાં કત્તલના ઈરાદે ગૌવંશ ભરેલ પીકઅપને નાંદરખા ગામ પાસે આરોપીઓ છોડીને નાશી છુટીયા હતા. પોલીસે વાહન તપાસ કરતાં ડાલામાં બાંધી રાખેલ ગૌવંશ નંગ-૬ કિંમત ૭૦,૦૦૦/-રૂપીયા તથા ગાડી મળી ૪,૭૦,૦૦૦/- રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. ગૌવંશને પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા.

# ઘોઘંબાના વાડીનાથ ગામે શ્રીજી બ્રિકસ ખેતીની જમીનમાં ગેરકાયદેસર ધમધમી રહ્યા છે

## શ્રીજી બ્રિકસની નોંધણી વગર અદ્ધર ચાલતાં ભઠ્ઠામાં કેમીકલ વેસ્ટનો ઉપયોગ છતાં તંત્ર મૂક પ્રેરક

ગોધરા,

ઘોઘંબા તાલુકાના વાડીનાથ ગામે શ્રીજી બ્રિકસ ઈંટોનો ભઠ્ઠો આવેલ છે. ભઠ્ઠાના સંચાલક દ્વારા ઈંટો પકવવા માટે જી.આઈ.ડી.સી.ના કેમીકલ વેસ્ટનો ઉપયોગ કરાતો હોય છે. જે કેમીકલ વેસ્ટના હાનિકારક ધુમાડો સ્થાનિક લોકોના આરોગ્ય માટે હાનિકારણ હોય તેની પાસ કરી કાર્યવાહી થાય તેવા હેતુ સાથે શ્રીજી બ્રિકસનો અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તેમ છતાં તંત્ર દ્વારા આવા કેમીકલ વેસ્ટનો ઉપયોગ કરતાં ભઠ્ઠા સંચાલક સામે કાર્યવાહી કરવાનું ટાળી રહી છે. તે તંત્રની ભઠ્ઠા સંચાલક ઉપર રહેમનજર હોવાની સીધી ચાડી ખાય છે.

વાડીનાથ ગામે આવેલ શ્રીજી બ્રિકસ નામના ઈંટોના ભઠ્ઠા જે જમીનમાં ચાલી રહ્યા છે. તે જમીન એન.એ.થયેલ નથી અને ખેતીની જમીનમાં ગેરકાયદેસર ભઠ્ઠો ધમધમી રહ્યો છે. શ્રીજી બ્રિકસ ઈંટોના ભઠ્ઠા માલિક સમસુર પઠાણ દ્વારા આ શ્રીજી બ્રિકસની સરકારી રીતે નોંધણી કરાવામાં આવી નથી કે ઈંટોના ભઠ્ઠાનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું નથી. ઈંટોના ભઠ્ઠામાં ઉભી કરવામાં આવેલ ચીમની ભઠ્ઠાનું પણ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા વગર ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠા ચલાવવામાં આવી રહ્યો છે. આવા કોઈપણ જાતના પરમિશન કે મંજુરી વગર ચાલતા શ્રીજી બ્રિકસ નામના ઈંટોના ભઠ્ઠા માલિક સમસુર પઠાણ એક તો સરકારી નીતિ નિયમોનું પાલન કરી રહ્યા નથી. તે ઓછું હોય તેમ ઈંટોના ભઠ્ઠામાં બાળકો પાસે મજુરી કરવાનો કિસ્સો પણ સામે આવ્યો છે. ઈંટોના ભઠ્ઠાની આડમાં હાલોલ જી.આઈ.ડી.સી.ના કંપની માલિકો સાથે સાંઠગાંઠ કરીને કંપનીઓ માંથી નિકળતા કેમીકલ વેસ્ટનો નિકાલ કરવાનો ધંધો પણ હાથમાં લીધો છે અને જી.આઈ.ડી.સી.ની કંપનીઓ માંથી કેમીકલ વેસ્ટ વાડીનાથ ગામે આવેલ શ્રીજી ભઠ્ઠામાં લાવીને ઈંટો પકવવા માટે ઉપયોગમાં લેવામાં આવી રહ્યો છે. ભઠ્ઠામાં ચિમની બનાવે હોય જેને લઈ કેમીકલ વેસ્ટના ધુમાડો આસપાસના ગ્રામજનો તેમજ ખેતરોમાં ઉભા પાક ઉપર કેમીકલની અસર થઈ રહી છે. આ બાબતે વાડીનાથ ગામના તેમજ આસપાસના અન્ય ગામોના લોકોની રજુઆતના પગલે શ્રીજી બ્રિકસમાં કેમીકલ વેસ્ટનો ઉપયોગ અંગેના અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા હોય તેમ છતાં પંચમહાલ જીલ્લા પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તેમજ ગેરકાયદેસર ચાલતાં ઈંટોના ભઠ્ઠા સામે ખાણ ખનિજ વિભાગ કાર્યવાહી કરવાથી બચી રહી છે. તે સરકારી લાગતા વળગતા વિભાગો શ્રીજી બ્રિકસના માલિકના પૈસાના જોરે કાર્યવાહી કરતાં ન હોવાની ચર્ચા જોર પકડી રહી છે.

## કેમીકલ વેસ્ટનો ખોરાક ખાઈ ઝેર ઓકતી સમશૂલ પઠાણની ચીમની

ઘોઘંબા તાલુકાના વાડીનાથમાં સમશૂલ પઠાણ દ્વારા પોતાના શ્રીજી ભઠ્ઠામાં કેમિકલ વેસ્ટ વાપરતા ચીમની દ્વારા નીકળતો ધુમાડો ખેતીને નુકશાન તો કરે જ છે. તેની સાથે ખેડૂતોને પણ નુકશાન કરે છે. કોઈપણ જાતની પરમિશન વિના ખેતીની જમીનમાં ભઠ્ઠો બનાવી ઊંચી ટાવર જેવી ચીમની બનાવવામાં આવી છે. જે ગ્રામજનો માટે જોખમરૂપ છે. ઊંચી ચીમનીનો ધુમાડો દૂર દૂર સુધી જાય છે. ભઠ્ઠામાં વાપરવામાં આવતા કેમિકલ વેસ્ટ નાખવામાં આવતા ગ્રામજનોનું આરોગ્ય જોખમાય છે. તંત્ર દ્વારા ભઠ્ઠા સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે ખેતીલાયક જમીન ઉપર આવી જોખમી બદી દૂર કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

## ઘોઘંબા ખાતે આપ પાર્ટી દ્વારા ત્રિરંગા યાત્રાનું આયોજન કરાયું



ઘોઘંબા,

ઘોઘંબા ખાતે ત્રીરંગાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું આ કાર્યક્રમો પંચમહાલ જીલ્લા પ્રમુખ, તેમજ જીલ્લા તાલુકા સમિતિના કાર્યકરો તેમજ હાલોલ તાલુકા સમિતિ તેમજ ઘોઘંબા તાલુકા સમિતિ નાં કાર્યકરો દ્વારા તિરંગા યાત્રાનું આયોજન ઘોઘંબા આપ સમીતીના કાર્યકરો દ્વારા કરવામાં આવ્યું હતું. બસ સ્ટેશન થી એ.પી.એમ.સી માર્કેટયાર્ડ લઈને મેઈન બજાર થી બસ સ્ટેશન સુધી પુર્ણ કરવામાં આવી. આ કાર્યક્રમમાં જિલ્લા તાલુકાના તમામ હોદેદારો કાર્યકરો જોડાયા સમય ૨:૦૦ કલાકે તિરંગા યાત્રા કાડવામા આવી. અંદાજે ત્રણ કલાક જેટલો સમય આ યાત્રાનો લાગ્યો હતો. ડીજે સાઉન્ડ સિસ્ટમ સાથે તિરંગાયાત્રાના નારા લગાવવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીની તિરંગાયાત્રા ઘોઘંબા બજારમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

આ તિરંગા યાત્રાને જોઈને લોકોમાં ખુશ મિજાજ જોવા મળ્યો હતો અને આવનારા સમયમાં આમ આદમી પાર્ટીમાં મોટી સંખ્યામાં કાર્યકરો ઘોઘંબા થી જોડાઈ રહ્યા છે. તો દિવસે ને દિવસે આમ આદમી પાર્ટીનું સંગઠન મજબૂત બની રહ્યું છે અને આવનારી ૨૦૨૨ વિધાનસભાની ચૂંટણીમાં હાલોલ વિધાનસભામાં ખૂબ જ મજબૂતીથી સંગઠનને મજબુત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે.

## મોકળ પ્રાથમિક શાળામાં ધોરણ ૮ ના બાળકોનો વિદાય સમારંભ યોજાયો



કાલોલ,

Covid-19 વૈશ્વિક મહામારી બાદ કેન્દ્ર અને રાજ્ય સરકારે ૧૦૦% છૂટછાટ સાથે શૈક્ષણિક સંસ્થાઓને પ્રત્યક્ષ શિક્ષણકાર્યની મંજૂરી આપતા હાલમાં શાળાઓ બાળકોની પૂર્ણ હાજરીથી ધમધમી રહી છે. ત્યારે શૈક્ષણિક વર્ષના અંતમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા શાળાના ધોરણ ૮ ના ૩૩ બાળકોનો વિદાય સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. બાળકોએ શાળાને સીમાચિન્હરૂપમાં સરસ્વતીની તસવીર શાળાને એનાયત કરી હતી તથા સમાજસેવાના અને મૂલ્યલક્ષી શિક્ષણના ભાગરૂપે એક નવો જ વિચાર રજુ કરી વિદાય લઈ રહેલા ધોરણ-૮ ના વિદ્યાર્થીઓએ શાળામાં ભણતા ૧૩ જેટલા અનાથ બાળકોને શૈક્ષણિક કીટ આપી તમામને પ્રોત્સાહિત કરી સમાજને એક નવો રાહચિંધી ઉત્તમ સમાજસેવાનું ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. જેમાં શાળાના મુખ્ય શિક્ષક નરેન્દ્રભાઇ પટેલે બાળકોને ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી પ્રાપ્ત કરી આદર્શ નાગરિક બની શાળા પરિવાર અને ગામનું નામ રોશન કરે તેવી ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી આવી હતી. કાર્યક્રમના અંતે તમામ બાળકો સાથે અલ્પાહાર લઈ ભૂતકાળનાં સંસ્મરણોને વાગોળવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષક હેમાંશુભાઈ દરજી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઘોઘંબાના રવેરી ગામે આઈસરે કારને ટક્કર મારતાં એક વ્યકિતનું મોત


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રવેરી ગામે બારીયા તરફ જતી એક કારને આઈસર ચાલકે પાછળથી ટક્કર મારતા કાર ઝાડ સાથે અથડાતાં પલટી ખાઈ ગઈ હતી. જેમાં એકનું મોત નીપજ્યું હતું. જ્યારે બાકીના ચારને સારવાર અર્થે ઘોઘંબા રેફરલ હોસ્પિટલ ખાતે લઇ જવામાં આવ્યા હતા. ત્યાંથી તેઓને વધુ સારવાર માટે વડોદરા રીફર કરાયા હતા. આજરોજ બપોરના સમયે એક કારનો નંબર જીજે ૬૮૬૮ તરફ જઈ રહી હતી. તે દરમિયાન રવેરી પાસે એક આઈસર ચાલકે કારને પાછળથી ટક્કર મારી હતી. જેના કારણે કાર ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં કાર ઝાડ સાથે અથડાઈ હતી અને પલટી ખાઈ ગઈ હતી. જેમાં કારમાં સવાર દિલીપભાઈ ગોહિલનું મૃત્યુ નિપજયું હતું. તેમજ અન્ય હિમાંશુભાઈ અમિતભાઈ તથા જયરાજભાઈ રહે સીમલીયાની ઈજા પહોંચતા તાત્કાલિક ૧૦૮ મારફતે ઘોઘંબા ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. ત્યાંથી તેમને વડોદરા રીફર કરાયા હતા. રાજગઢ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અકસ્માતનો ગુનો નોંધી મૃતકના પી.એમ.માટે રેફરલ હોસ્પિટલ ઘોઘંબા ખાતે લઈ જવામાં આવ્યો હતો.

## પતિ થી તરછોડાયેલા પત્નિ અને બાળકને આશ્રય અપાવતા ગોધરા ૧૮૧ મહિલા હેલ્પલાઈન




ગોધરા,

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના ગામ માંથી જાગૃત વ્યકિત દ્વારા ૧૮૧મહિલા હેલ્પ લાઇનમાં કોલ આવેલ કે એક ગભરાયેલ મહિલા ૫ મહિનાનું બાળક લઈને બેઠી છે. કોઈ કારણોસર ખુબજ દુઃખી છે. ગભરાયેલી હાલતમાં બેઠા અને છે. તેની મદદ માટે અપીલ કરતા અભયમ રેસ્કયુ ટીમ ગોધરા તત્કાલિક સ્થલ પર પહોંચી મહિલાની આપવીતી જાણી બાળક સહિત આશ્રય અપાવવામાં આવેલ છે.

૧૮૧ અભયમની ટીમ કોલ આવતાની સાથે ત્વરિત ઘટના સ્થળે પહોંચી ગયા પછી૧૮૧ ટીમના કાઉન્સેલર મધુબેન રાઠવા અને મહિલા કોન્સ્ટેબલ શિવાનીબેન દ્વારા પીડિતા બહેનનું કાઉન્સિલિંગ કરતા જાણવા મળેલ કે, પીડિતાને તેના પતિ મારફૂટ કરી ઘરમાંથી કાઢી મૂકીયા હતા. તેને જાન થી મારી નાખવાની ધમકી આપતા તે તેના બાળકને લઈને ઘરેથી ભાગી ગયા હતા. ત્યારબાદ પીડિતા બહેન રડતા રડતાં જણાવેલ કે, હું ગમે તે જગ્યાએ અથવા બસ સ્ટેશનમાં અથવા ગમે તેમ પણ રહી લઈશ. પરંતુ હું ઘરે નહિ જાવ અને તેનું સરનામું સરખું જણાવતા ના હતા. પીડિતા બહેનને શાંત કરી આશ્વાસન આપેલ ૧૮૧ની ટીમ દ્વારા તેમને એક વિશ્વાસ આપેલ કે તમને પુરી મદદ કરવામાં આવશે પીડિતાને કાયદાકિય પ્રાથમિક જાણકારી સલાહ, માર્ગદર્શન આપતા જણાવેલ કે, આ હિંસા બદલ તમે પતિ વિરૂદ્ધ પોલીસ કાર્યવાહી પણ કરી શકો છો. હાલમાં પીડિતા સહિત બાળકને સુરક્ષિત રહી શકે તે માટે સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય આપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.